RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 104* Date: 03.02.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# હવે આરબીઆઇની અદાણી સામે લાલ આંખ

## આરબીઆઇએ અદાણીને આપવામાં આવેલી લોન અંગે તમામ બેંકો પાસેથી માહિતી માગી



મુંબઇ,તા.૨

આરબીઆઈએ અદાણી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ (એઈએલ)ને આપવામાં આવેલી લોન અંગે તમામ બેંકો પાસેથી માહિતી માગી છે. જોકે આરબીઆઇના અધિકારીઓએ આ અંગે કંઈ જ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. સંપૂર્ણ સબ્સ્ક્રાઈબ કરેલો એફપીઓ રદ કર્યા પછી ગુરુવારે ગ્રુપના શેરમાં ૧૦% સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે.બીજી તરફ, વિપક્ષે સંસદીય પેનલ અથવા સુપ્રીમ કોર્ટની સમિતિ દ્વારા તપાસની માંગ કરી હતી. લોકસભા અને રાજ્યસભામાં આ મામલાની તપાસની માગને લઈને હોબાળો થયો હતો. એને કારણે બંને ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. બુધવારે મોડી રાત્રે અદાણી ગ્રુપે ૨૦ હજાર કરોડ રૂપિયાના સંપૂર્ણ સબ્સ્ક્રાઇબ કરેલા એફપીઓને રદ કરી દીધો હતો. કંપનીએ કહ્યું હતું કે રોકાણકારોના પૈસા પરત કરવામાં આવશે. આ પહેલાં બુધવારે અદાણી એન્ટરપ્રાઈઝીસના શેર ૨૬.૭૦% ઘટીને ૨,૧૭૯.૭૫ પર બંધ રહ્યા હતા. આ જ કારણ હતું કે અદાણી ગ્રુપે એફપીઓ પાછો ખેંચવાનો નિર્ણય લીધો હતો.

અદાણી એન્ટરપ્રાઈઝીસ ૨૦ હજાર કરોડ રૂપિયા સુધીના ઈક્વિટી શેરના એફપીઓ સાથે આગળ વધશે નહીં. રોકાણકારોને પૈસા પરત કરશે. મંગળવારે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આ નિર્ણય લીધો. ઈક્વિટી શેર આંશિક રીતે પેઈડ-અપ આધારે ૧ રૂપિયાની ફેસ વેલ્યુ ધરાવે છે.

એફપીઓ રદ કર્યા બાદ ગૌતમ અદાણીએ એક વીડિયો સંદેશ આપ્યો હતો, જેમાં રોકાણકારોનો આભાર માન્યો હતો. અદાણીએ કહ્યું હતું, ગયા અઠવાડિયે સ્ટોકમાં ઉતાર-ચઢાવ હોવા છતાં કંપનીનો બિઝનેસ અને તેના મેનેજમેન્ટમાં તમારો વિશ્વાસ અમને આશ્વાસન આપતો રહે છે. મારા માટે મારા રોકાણકારોનું હિત સર્વોપરિ છે, બાકીનું બધું એ પછી આવે છે, તેથી રોકાણકારોને સંભવિત નુકસાનથી બચાવવા માટે અમે એફપીઓ રદ કર્યો છે. બોર્ડને લાગ્યું કે એફપીઓ સાથે આગળ વધવું નૈતિક રીતે યોગ્ય નથી.કંપનીએ સ્ટોક એક્સચેન્જને આપેલી માહિતીમાં કહ્યું હતું કે 'કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ મળેલી બેઠકમાં આ શેર પરત ખેંચવાનો નિર્ણય લીધો છે.'

'અદાણી એન્ટરપ્રાઈઝીસે ૧ ફેબ્રુઆરીએ મળેલી બોર્ડ મિટિંગમાં નિર્ણય લીધો છે કે અમે એફપીઓને આગળ નહીં લઈ જઈએ. હાલની પરિસ્થિતિ અને કંપનીની તાજેતરની બજારની અસ્થિરતાને ધ્યાનમાં રાખીને ગ્રાહકોના હિતમાં એફપીઓ સાથે આગળ ન વધવાનો અને વ્યવહારને સંપૂર્ણપણે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બોર્ડે કહ્યું હતું, 'અમે એફપીઓમાં ભાગ લેવા બદલ રોકાણકારોનો આભાર માનીએ છીએ. એફપીઓનું સબસ્ક્રિપ્શન ૩૧ જાન્યુઆરીએ બંધ કરવામાં આવ્યું હતું.સ્ટોક અસ્થિર હોવા છતાં આ કંપની અમારા વ્યવસાય અને અમારા સંચાલનમાં તમારા વિશ્વાસ અને વિશ્વાસ બદલ અમે તમારો આભાર માનીએ છીએ. જોકે આજે બજાર સારું રહ્યું છે. અમારા શેરના ભાવમાં દિવસભર વધઘટ થતી રહી છે. આવા અસાધારણ સંજોગોને ધ્યાનમાં રાખીને કંપનીના બોર્ડને લાગ્યું કે આ તબક્કે આ એફપીઓ સાથે આગળ વધવું નૈતિક રીતે યોગ્ય રહેશે નહીં. અમારા રોકાણકારોનું હિત સૌથી આગળ છે. એટલે ભવિષ્યના કોઈપણ નાણાકીય નુકસાનથી બચાવવા માટે બોર્ડે આ એફપીઓ સાથે આગળ ન વધવાનો નિર્ણય લીધો છે. અમે લોકોને રિફંડ આપવા માટે અમે અમારા બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે કામ કરી રહ્યા છીએ. અમારી બેલેન્સ શીટ અત્યારે ખૂબ જ મજબૂત છે. અમારો રોકડ પ્રવાહ અને સંપત્તિ સુરક્ષિત છે. ઉપરાંત સાથે જ લોનની ચુકવણીનો અમારો રેકોર્ડ યોગ્ય રહ્યો છે. અમારા નિર્ણયથી અમારી વર્તમાન કામગીરી અને અમારી ભાવિ યોજનાઓ પર અસર પડશે નહીં. અમે લાંબા ગાળાના વેલ્યુ ક્રિએશન પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીશું અને અમારી વૃદ્ધિ આંતરિક વૃદ્ધિ દ્વારા સંચાલિત થશે. અમને વિશ્વાસ છે કે અમને તમારું સમર્થન મળતું રહેશે.અમેરિકાની રિસર્ચ ફર્મ હિંડનબર્ગનો રિપોર્ટ આવ્યો હતો. રિપોર્ટમાં અદાણી ગ્રુપ પર સ્ટોક મેનિપ્યુલેશન, મની લોન્ડરિંગ અને એકાઉન્ટિંગ ફ્રોડમાં સામેલ હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ પછી અદાણી ગ્રુપના શેરોમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો.ગૌતમ અદાણી જૂથે હિંડનબર્ગ રિપોર્ટને ભારત પર હુમલાનું કાવતરું ગણાવ્યું છે. ગ્રુપે ૪૧૩ પાનાંનો જવાબ જાહેર કર્યો હતો. એમાં જણાવવામાં આવ્યું છે કે અદાણી ગ્રુપ પર લગાવવામાં આવેલા તમામ આરોપો ખોટા છે. ગ્રુપે એમ પણ કહ્યું હતું કે આ રિપોર્ટનો વાસ્તવિક હેતુ અમેરિકન કંપનીઓના આર્થિક લાભ માટે નવું બજાર ઊભું કરવાનો છે.અદાણી ગ્રૂપ માટે છેલ્લા કેટલાક દિવસો ભારે તણાવપૂર્ણ રહ્યા છે. હિન્ડેનબર્ગનો રિપોર્ટ જાહેર થયા બાદથી અદાણી ગ્રૂપની કંપનીઓના શેરોમાં ભારે ઘટાડાનો દોર યથાવત્ છે. હવે અદાણી ગ્રૂપ માટે વધુ એક માઠા સમાચાર આવ્યા છે. અદાણી ગ્રીન એનર્જી અને અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન દ્વારા જારી કરાયેલા બોન્ડની સ્થિતિ ગ્લોબલ માર્કેટમાં અત્યંત ખરાબ જણાઈ રહી છે. તેમાં પણ ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે.

## આરએસએસ ન તો રાઈટ વિંગ છે કે ન લેફ્ટ વિંગ, ભારતમાં રહેનાર દરેક હિંદુ છેઃ આરએસએસ નેતા

નવીદિલ્હી,તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના નેતા દત્તાત્રેય હોસાબલેએ કહ્યું છે કે અમારું સંગઠન કોઈપણ રાજકીય વલણ વિના રાષ્ટ્રીય હિતમાં કામ કરે છે. તેમણે કહ્યું કે અમે ન તો લેફ્ટ વિંગ છીએ કે ન તો રાઈટ વિંગ, અમે રાષ્ટ્રવાદી છીએ. સંઘ રાષ્ટ્રના હિતમાં જ કામ કરે છે. તેઓ જયપુરના બિરલા ઓડિટોરિયમ ખાતે એકાત્મ માનવદર્શન અનુસંધાન ઈવમ વિકાસ પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગઈકાલે, આજે અને આવતીકાલ વિષય પર બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું કે, ભારતમાં રહેતા તમામ લોકો હિંદુ છે, કારણ કે તેમના પૂર્વજો હિંદુ હતા. તેમની પૂજા કરવાની રીતો અલગ-અલગ હોઈ શકે છે, પરંતુ તેમનો બધાનો ડીએનએ એક જ છે. સૌના સામૂહિક પ્રયાસોથી જ ભારત 'વિશ્વ ગુરુ' બનીને વિશ્વનું નેતૃત્વ કરી શકે છે.

હોસાબલેએ કહ્યું કે આરએસએસ ભારતના તમામ ધર્મો અને સંપ્રદાયોને એક માને છે. લોકો પોતાના સમુદાયમાં રહીને સંસ્થાનું કામ કરી શકે છે. સંઘ કઠોર નથી. તેમણે બંધારણ વિશે પણ વાત કરી હતી અને કહ્યું હતું કે જો તેના અમલકર્તાઓ ખરાબ હોય તો સારું બંધારણ પણ કંઈ કરી શકતું નથી.

તેમણે કહ્યું કે દેશમાં લોકશાહીની સ્થાપનામાં આરએસએસની ભૂમિકા હતી, જેનો ઉલ્લેખ વિદેશી પત્રકારોના લેખોમાં પણ જોવા મળે છે. સંઘને સમજવા માટે મનની નહીં પણ હૃદયની જરૂર છે. તેમણે આવનારી પેઢીના કલ્યાણ માટે પર્યાવરણની જાળવણી પર ભાર મૂક્યો હતો.

ગત મહિને સંઘના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે, ભારતને ભારત જ રહે એ સીધી વાત છે. આજે ભારતમાં રહેતા મુસ્લિમોને કોઈ નુકસાન નથી. ઈસ્લામને કોઈ ખતરો નથી, પરંતુ મુસ્લિમોએ સર્વોચ્ચ હોવાની ખોટી માન્યતા છોડી દેવી જોઈએ. અમે એક સમયે રાજા હતા, અમે ફરીથી રાજાઓ બનીએ, આ છોડવું પડશે અને કોઈને પણ છોડવું પડશે.આવું વિચારવા વાળો કોઈ હિન્દુ છે, તો તેણે પણ આ વલણ છોડવું પડશે. કમ્યુનિસ્ટ છે તો તેમને પણ છોડવું પડશે. હિંદુ એ આપણી ઓળખ છે, રાષ્ટ્રીયતા અને દરેકને પોતાના ગણીને સાથે લઈ ચાલવાની પ્રવૃત્તિ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સંઘ પર વાર કરવાની કોઈ તક છોડતા નથી. તે સતત કહે છે કે આરએસએસએ દેશમાં નફરત, હિંસા અને ભયનું વાતાવરણ ઊભું કર્યું છે.

## પંજાબના સીએમ ભગવંત માને પંજાબી ગીતોમાં ગન કલ્ચર સામે નવુ ફરમાન જાહેર કર્યુ

ચંડીગઢ,તા.૨

પંજાબી ગીતોમાં ગન કલ્ચર, ડ્રગ કલ્ચર અને ઓછા કપડાવાળી મોડલો યુવાનોને ગેરમાર્ગે દોરી રહી છે. હાલમાં જ એક નવુ ગીત 'તસ્કર' મ્યુઝિક ચેનલો પર ટ્રેન્ડ કરી રહ્યુ છે, જેમાં હથિયાર, ડ્રગ્સ અને અભદ્ર ભાષા રજૂ કરવામાં આવી છે તેમ એડવોકેટ સુનીલ મલ્લે જણાવ્યુ હતુ. તેમનુ કહેવુ છે કે સરકાર, પોલીસ અને ચેનલો પોતે આ તરફ ધ્યાન કેમ નથી આપતા. તમે આવા ગીતો વગાડવાનું કેમ બંધ કરતા નથી. આવા ગાયકો અને ગીતકારો સામે કેમ કોઈ પગલાં લેવાતા નથી. તેમણે ગાયક બ્રાર, સંગીતકાર, ફતેહ કરણ, માહી શર્મા, વાણી, પ્રેમ ચહલ, મનીષ કુમાર, સમીર ચરેગાંવકર, ડી.જે. ટીમ, સીઈઓ-એમડી આ ગીતને ઑફ સ્પોટિફાય, એપલ મ્યૂઝિક વિંક, રેસો અને યુટ્યુબ ચેનલ્સ પર પ્રમોટ કરવા માટે મુખ્યમંત્રી ભગવંત માન, ડીજીપી ગૌરવ યાદવ અને એસએસપી મોહાલીને કેસ નોંધવાની માંગ કરી છે.

સુનિલે પ્રેસ કૉન્ફરન્સમાં જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયથી ગન કલ્ચર, ડ્રગ્સ, ડબલ મીનિંગ અને અશ્લીલ ભાષા અને પંજાબી ગીતોમાં મોડલ્સના ટૂંકા કપડા પહેરવાનુ ચલણ ખૂબ વધી ગયુ છે. આ જોઈ અને સાંભળીને યુવા પેઢી ભટકાઈ રહી છે. વર્તમાન સમયમાં યુવાનો આવા ગીતો અને સંગીતથી એટલા પ્રભાવિત થઈ રહ્યા છે કે તેઓ તેમના પગલે ચાલવા માટે આગળ વધી રહ્યા છે. યુવાનો ડ્રગ્સ અને હથિયારોમાં પોતાનુ ભવિષ્ય શોધી રહ્યા છે. જો આવું જ ચાલતું રહેશે તો દેશની યુવા પેઢી ભટકી જશે, જેના કારણે આવા ગીતો પર પ્રતિબંધ મુકવો જોઈએ. પંજાબની ભગવંત માન સરકારે ગન કલ્ચરને રોકવા માટે એક નવુ ફરમાન બહાર પાડ્યુ છે.

## શેર બજારમાં હલચલ અને માર્કેટમાં ઉથલપાથલ જોતા કંપનીનો ઉદ્દેશ્ય પોતાના રોકાણકારોના હિતોની રક્ષા કરવાનું છે. : ગૌતમ અદાણી




મુંબઇ,તા.૨

અદાણી ગ્રુપે પોતાની ફ્લેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝના ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના ફોલો ઓન પબ્લિક ઓફર (એફપીઓ)ને બુધવારે પાછો ખેંચ્યો હતો. ત્યારબાદ ગૌતમ અદાણીએ હવે પોતે જ સામે આવીને રોકાણકારોને સમજાવ્યું છે અને એફપીઓને પાછો ખેંચવાનું કારણ પણ જણાવ્યું છે. ૨૦,૦૦૦ કરોડ રૂપિયા માટે આ એફપીઓ ૨૭ જાન્યુઆરીના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો અને ૩૧ જાન્યુઆરીએ ફૂલ સબસ્ક્રાઈબ થઈને ક્લોઝ થયો હતો.

ગૌતમ અદાણીએ કહ્યું કે સંપૂર્ણ રીતે સબસ્ક્રાઈબ્ડ એફપીઓના મંગળવારે પાછા ખેંચવાના નિર્ણયે અનેક લોકોને ચોંકાવી દીધા હશે. પરંતુ કાલે બજારના ઉતાર ચડાવને જોતા બોર્ડે એ મહેસૂસ કર્યું કે એફપીઓ સાથે આગળ વધવું એ નૈતિક રીતે યોગ્ય નહીં રહે.

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ કહ્યું કે શેર બજારમાં હલચલ અને માર્કેટમાં ઉથલપાથલ જોતા કંપનીનો ઉદ્દેશ્ય પોતાના રોકાણકારોના હિતોની રક્ષા કરવાનું છે. આથી અમે એફપીઓથી પ્રાપ્ત રકમને પરત કરવા જઈ રહ્યા છીએ અને તે સંલગ્ન લેવડદેવડ ખતમ કરી રહ્યા છીએ.

ગૌતમ અદાણીએ કહ્યું કે મારા માટે રોકાણકારોનું હિત સર્વોપરિ છે. આથી રોકાણકારોને સંભવિત નુકસાનથી બચાવવા માટે અમે એફપીઓ પાછો ખેંચ્યો છે. આ નિર્ણયનો અમારા હાલના પરિચાલનો અને ભવિષ્યનિ યોજનાઓ પર કોઈ પ્રભાવ પડશે નહીં.

ગૌતમ અદાણીએ કહ્યું કે એક ઉદ્યમી તરીકે ૪ દાયકાઓ કરતા વધુની મારી વિનમ્ર યાત્રામાં મને તમામ હિતધારકો ખાસ કરીને રોકાણકારો સમુદાયથી ભારે સમર્થન મળ્યું છે. મારા માટે એ સ્વીકારવું મહત્વપૂર્ણ છે કે મારા જીવનમાં મે જે કઈ પણ થોડું ઘણું મેળવ્યું છે તે તેમના વિશ્વાસ અને ભરોસાના કારણે છે. હું મારી તમામ સફળતાઓનો શ્રેય તેમને જ આપું છું.

## વોટ્સએપની પ્રાઇવસી પોલિસી અંગે સુપ્રીમનો નિર્દેશઃડેટા સુરક્ષા કાયદો આવે ત્યાં સુધી વોટ્સએપ યુઝરની સુવિધા ના ઘટાડે

નવીદિલ્હી,તા.૨

વૉટ્સએપની ૨૦૨૧ની પ્રાઈવસી પોલિસી વિરુદ્ધ દાખલ અરજી અંગે સુપ્રીમકોર્ટમાં બુધવારે સુનાવણી થઈ. કોર્ટે વૉટ્સએપને નિર્દેશ કર્યો કે તમે કેન્દ્રને આપેલી એફિડેવિટ જાહેર કરો. તેમાં કહેવાયું છે કે જે યુઝર પ્રાઇવસી નીતિ સાથે સંમત ના હોય તેમના ઉપયોગની મર્યાદા નક્કી નહીં કરી શકાય.

આ ઉપરાંત ભારત સરકાર ડેટા પ્રોટેક્શનને લગતો કાયદો લાગુ ના કરે ત્યાં સુધી વોટ્સએપ યુઝર્સની સુવિધા ઘટાડી નહીં શકે.

વોટ્સએપ એ પણ જાહેર કરે કે ભારતીય યુઝર્સે ૨૦૨૧ની પ્રાઈવસી નીતિ સ્વીકારવી જરૂરી નથી.

સુપ્રીમકોર્ટના જસ્ટિસ કે.એમ. જોસેફની વડપણ હેઠળની બંધારણીય બેન્ચે વોટ્સએપને ઓછામાં ઓછા પાંચ અખબારમાં તેની માહિતી બે વાર જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. હવે આ મામલે ૧૧ એપ્રિલે સુનાવણી થશે.

આ બેન્ચ બે વિદ્યાર્થી કર્મણ્યસિંહ સરીન અને શ્રેયા સેઠી દ્વારા દાખલ અરજી પર સુનાવણી કરી રહી છે.

તેમાં વોટ્સએપ અને તેની પેરેન્ટ કંપની ફેસબુક (મેટા) વચ્ચેના કરારને પડકારાયો છે. તેમાં યુઝર્સના કૉલ, ફોટોગ્રાફ, ટેક્સ્ટ, વીડિયો અને ડોક્યુમેન્ટ્સ પણ શેર કરવાનો ઉલ્લેખ છે, જેને અરજીમાં યુઝર્સની પ્રાઈવસીનું ઉલ્લંઘન ગણાવાયું છે.

## પાર્ટી હાઈકમાન્ડને ઉમા ભારતીનો લલકાર, કહ્યું- 'યુદ્ધ કરવું હોય તો થઈ જાઓ તૈયાર

### ૨૨ એપ્રિલે જ મંદિરનું તાળું તોડી નાખવાની હતી, પરંતુ પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાએ તેમને રોક્યા હતા



ભોપાલ,તા.૨

એક તરફ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન ઉમા ભારતીએ એક્સાઈઝ પોલિસીનો જોરશોરથી વિરોધ કર્યો છે તો બીજી તરફ તેઓ શિવરાજ ચૌહાણ સરકારને ઘેરી રહ્યા છે.

આ ઉપરાંત ઉમા ભારતીએ હવે પાર્ટી હાઈકમાન્ડ પર સીધો પ્રહાર કર્યો છે. રાયસેન મંદિર પ્રકરણમાં ઉમા ભારતીએ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે પાર્ટી અધ્યક્ષ જે પી નડ્ડાએ પોતે તેમને રાયસેન કિલ્લામાં આવેલ શિવ મંદિરનું તાળું ખોલવાથી રોક્યા હતા. આ બાદ પાર્ટીના જ કેટલાક લોકોએ તેમને ટ્રોલ કરવાનું શરૂ કર્યું. ઉમા ભારતીએ તમામને ચેતવણી આપી હતી કે, જો યુદ્ધ જ કરવુ હોય તો બધા તૈયાર થઈ જાઓ.

ઉમા ભારતી એક્સાઈઝ પોલિસીને લઈને મધ્યપ્રદેશ સરકાર પર સતત પ્રહારો કરી રહી છે. એક્સાઈઝની નવી નીતિમાં તેમણે મોકલેલા સૂચનોને સમાવેશ કરવા માટે સંઘર્ષ કરી રહી છે. આ ક્રમમાં બુધવારે તેઓ ભોપાલના અયોધ્યા બાયપાસ રોડ સ્થિત હનુમાન મંદિરમાં પત્રકારો સાથે વાત કરી હતી. દરમિયાન, જ્યારે રાયસેન મંદિરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો, ત્યારે ઉમા ભારતીએ કહ્યું કે તેણે મંદિરના તાળા ઘણા સમય પહેલા ખોલ્યા હોત, પરંતુ જેપી નડ્ડાએ તેમને તાળા ખોલતા અટકાવી દીધા હતા.

આ પછી, અમારી જ પાર્ટીનું એક જૂથ આ ઘટનાને સોશીયલ મીડિયામાં સતત ટ્રેંડ કરીને ટ્રોલ કરી રહ્યું છે.

ગુસ્સામાં તેમણે આ બધા લોકોને ચેતવણી આપી કે જો તમારે યુદ્ધ જ કરવું હોય તો તૈયાર થઈ જાઓ. તેમણે કહ્યું કે તે ના તો ડરવાની છે અને ના તો નમવાની છે.

પૂર્વ સીએમ ઉમા ભારતીએ કહ્યું કે તે, ૧૧ એપ્રિલ ૨૦૨૨ના રોજ જ રાયસેન કિલ્લાના શિવ મંદિરનું તાળું તોડવાની હતી. આ માટે તે સવારે ઓરછાથી રાયસેન જવા નીકળી પણ હતી.

પરંતુ વચ્ચેજ જેપી નડ્ડાનો ફોન આવ્યો અને તેમણે આમ કરવાની ના પાડી દીધી. તેમણે કહ્યું કે અગાઉ સીએમ શિવરાજનો ફોન આવ્યો હતો અને તેમણે અમિત શાહનો હવાલો ટાંક્યો હતો. ત્યારે સાંસ્કૃતિક મંત્રાલય ટૂંક સમયમાં કાયમી ધોરણે તાળા ખોલી દેશે તેવી ખાતરી મળી હતી.

ઉમા ભારતીએ કહ્યું કે તેઓ મુખ્ય પ્રધાન રહી ચુક્યા છે, કેન્દ્રમાં મંત્રી પદ પણ સંભાળી ચુક્યા છે. હવે માત્ર વડાપ્રધાનની ખુરશી બચી છે, પરંતુ દરેક જણ આ ખુરશી સુધી પહોંચી શકશે નહીં તે સૌ કોઈ જાણે છે.

તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું દારૂબંધીના મુદ્દાને કારણે તેમને આ ખુરશી મળી જશે. પરંતુ તેમના જ પક્ષમાં એક જૂથ છે જે સતત આ પ્રકારની અફવાઓ ફેલાવી રહ્યું છે. તેણે કહ્યું કે તે આવા લોકોને પહોચી વળવા માટે તેઓ તૈયાર છે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# સિંધુ કરારમાં સંશોધન પડકારરૂપ

*સિંધુ જળ વહેંચણીને લઈને ભારતે પાકિસ્તાનને ચેતવણી આપી છે. તેનું કારણ એ છે કે પાકિસ્તાન કિશનગંગા અને રાતલે જળવિદ્યુત પરિયોજનાઓ પર ટેકનિકલ વાંધાની તપાસ માટે તટસ્થ વિશેષજ્ઞની નિયુક્તિના પોતાના આગ્રહથી પીછેહટ કરીને મામલાને મધ્યસ્થતા અદાલતમાં લઈ જવા જીદે ચડ્યું છે. આ પગલું સંધિના અનુચ્છેદ-૯માં વિવાદોની પતાવટ માટે બનાવવામાં આવેલ તંત્રનું ઉલ્લંઘન છે. તેથી ભારતે સપ્ટેમ્બર ૧૯૬૦માં થયેલ સિંધુ જળ સંધિમાં સંશોધન માટે પાકિસ્તાનને નોટિસ જારી કરી છે. વાસ્તવમાં ભારતે આ સંધિને લાગુ કરવામાં ઈસ્લામાબાદની હઠધર્મિતા બાદ આ પગલું ઉઠાવ્યું છે. યાદ રહે કે ઓગસ્ટ ૨૦૨૧માં સંસદની એક સ્થાયી સમિતિએ ભલામણ કરી હતી કે આ સંધિ પર ફરીથી વાતચીત કરવામાં આવે, જેથી જળવાયુ પરિવર્તનથી પાણીની ઉપલબ્ધતા પર પડેલી અસર અને અન્ય પડકારો સાથે જોડાયેલ બાબતોનો નિકાલ કરી શકાય, જેમને સમજૂતીમાં સામેલ નથી કરવામાં આવી.*

*પાકિસ્તાન પોષિત આતંકવાદનો જડબાતોડ જવાબ આપવા માટે પાકિસ્તાન જતી નદીઓનું પાણી રોકવા પર લાંબા સમયથી વિચાર થઈ રહ્યો છે, પરંતુ પાણી રોકવાનું કામ કંઈ બટન દબાવવાથી થઈ જતું નથી. દુનિયાની સૌથી મોટી નદી ઘાટી પ્રણાલીઓમાંથી એક સિંધુ નદીની લંબાઈ લગભગ ૨૮૮૦ કિમી છે. સિંધુનો વિસ્તાર લગભગ ૧૧.૨ લાખ ચોરસ કિમી ક્ષેત્રમાં ફેલાયેલો છે. આ વિસ્તાર પાકિસ્તાન (૪૭ ટકા), ભારત (૩૯ ટકા), ચીન (૮ ટકા) અને અફઘાનિસ્તાન (૬ ટકા)માં છે. અનુમાન છે કે લગભગ ૩૦ કરોડ લોકો સિંધુ નદીની આસપાસ રહે છે. સિંધુ નદી તંત્રની છ નદીઓમાં કુલ ૧૬.૮ કરોડ એકરની જળનિધિ છે. તેમાંથી ભારત પોતાના હિસ્સાના લગભગ ૯૦ ટકા પાણીનો ઉપયોગ કરી લે છે. બાકી પાણી રોકવા માટે હજુ ઓછામાં ઓછાં છ વર્ષ લાગી શકે. તિબેટમાં કૈલાસ પર્વત શૃંખલાથી બોખાર-ચૂ નામના ગ્લેશિયર પાસેથી અવતરિત સિંધુ નદી ભારતમાં લેહ ક્ષેત્રથી પસાર થાય છે. લદ્દાખ સીમાને પાર કરતાં જમ્મુ-કાશ્મીરમાં ગિલગિટ પાસે દાર્દિસ્તાન ક્ષેત્રમાં તેનો પ્રવેશ પાકિસ્તાનમાં થાય છે. જે પાંચ નદીઓ રાવી, ચિનાબ, ઝેલમ, બિયાસ અને સતલજને કારણે પંજાબનું નામ પડ્યું, તે તમામ સિંધુની જળધારાને સમૃદ્ધ કરે છે. સતલજ પર જ ભાખરા-નાંગલ બંધ છે. ભલે ભારત પાકિસ્તાન વચ્ચે ભૌગોલિક સીમાઓ ખેંચાઈ ગઈ હોય પરંતુ અહીંની નદીઓ, હવામાન અને સંસ્કૃતિ સહિત કેટલીય વાતો ઈચ્છવા છતાં પણ વહેંચાઈ ન શકી.*

*સિંધુ નદી પ્રણાલીનો કુલ જળનિકાસ ક્ષેત્ર ૧૧,૧૬૫,૦૦૦ વર્ગ કિમીથી વધારે છે. વાર્ષિક પ્રવાહની દષ્ટિએ આ વિશ્વની ૨૧મી સૌથી મોટી નદી છે. આ પાકિસ્તાનનાના ભરણપોષણનું એકમાત્ર સાધન પણ છે. અંગ્રેજોએ પાકિસ્તાનના પંજાબ ક્ષેત્રની સિંચાઈ માટે વિસ્તૃત નહેર પ્રણાલીનું નિર્માણ કર્યું હતું. વિભાજને આ બુનિયાદી માળખાનો એક મોટો હિસ્સો પાકિસ્તાનમાં છોડી દીધો, પરંતુ હેડવર્ક બંધ ભારતમાં રહ્યા, જેનાથી પાકિસ્તાનના મોટા જમીનદારોમાં હંમેશાં ડરનો ભાવ રહ્યો. સિંધુ નદી બેઝિનના પાણીની વહેંચણી માટે કેટલાંય વર્ષોની ગહન વાતચીત બાદ વિશ્વ બેંકે ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધિની મધ્યસ્થતા કરી. કેટલાય વિદેશી વિશેષજ્ઞોની દખલ સાથે દસ વર્ષ સુધી વાતચીત ચાલતી રહી અને સપ્ટેમ્બર ૧૯૬૦માં કરાચીમાં જળ વહેંચણીને લઈને દ્વિપક્ષી સમજૂતી થઈ. ભારત-પાકિસ્તાન વચ્ચે આ સમજૂતીનું દષ્ટાંત આખી દુનિયામાં આપવામાં આવે છે કે ત્રણ-ત્રણ યુદ્ધ અને સતત તણાવગ્રસ્ત સંબંધો છતાં આ સંધિ યથાવત રહી. આસંધિ અનુસાર સતલજ, બિયાસ, અને રાવી નદીઓને પૂર્વી, જ્યારે ઝેલમ, ચિનાબ અને સિંધુને પશ્ચિમી ક્ષેત્રની નદી કહેવામાં આવી.*

# સંત તુકારામની પત્ની પર વિવાદાસ્પદ નિવેદન : બાગેશ્વર મહારાજ, હાથ જોડીને માફી માંગી

મુંબઇ,તા.૨

બાગેશ્વર મહારાજ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી સંત તુકારામ પરના તેમના વિવાદાસ્પદ નિવેદનને લઈને નવા વિવાદમાં ફસાઈ ગયા છે. મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એમએલસી અમોલ મિતકારીએ તેમને ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી છે. બીજી તરફ વિવાદ વધુ વકરતો જોઈને ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ પોતે માફી માંગીને ખુલાસો આપવો પડ્યો હતો. તેમણે એક જાહેર નિવેદન બહાર પાડીને કહ્યું છે કે તેમના શબ્દોથી જેમની લાગણીઓને ઠેસ પહોંચી છે તેમની તેઓ હાથ જોડીને માફી માંગે છે. તેમણે કહ્યું કે સંત તુકારામ એક મહાન સંત હોવાની સાથે સાથે આપણા સૌ માટે આદર્શ પણ છે. તેમણે સંત તુકારામને લગતી એક વાર્તા વાંચી હતી અને પોતાની કથામાં તેમણે તુકારામ અંગે વાંચેલી વાર્તાને રજૂ કરી હતી.

ઉલ્લેખનીય છે કે પોતાના ચમત્કારોને લઈને વિવાદોમાં ઘેરાયેલા બાગેશ્વર મહારાજ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ હાલમાં જ પ્રવચન આપતાં વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેણે કહ્યું હતું કે સંત તુકારામની પત્ની તેમને ટોર્ચર કરતી હતી. તેમને રોજ લાકડી વડે માર પણ મારતી હતી. ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થવા લાગ્યું. આનાથી મહારાષ્ટ્રમાં કુણબી સમુદાયના લોકો ગુસ્સે થયા હતા. પુણે અને નાગપુરમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા આ સમુદાયના લોકોએ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો અને તેમની ધરપકડની માંગ પણ કરી હતી. જો કે હવે બાગેશ્વર મહારાજે માફી માંગીને મામલો ઠંડો પાડવાનો પ્રયાસ કર્યો છે.બાગેશ્વર ધામના વડા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ વિવાદને વધુ ઘેરો બનાવવા બદલ માફી માંગી અને કહ્યું કે તેમણે એક વાર્તા વાંચી છે.

લાગે છે  
પાંદડાઓ પાસે સ્વેટર કે મફલર નથી.  
એટલે જ પાંદડાઓ બહુ સીક લાગે છે.  
એમની પાસે હેલ્થ ટોનિક ,ડ્રીંક નથી,  
એટલે પાંદડાઓ વેરી વીક લાગે છે.  
થડ પર હાથ ફેરવ્યો ત્યારે જાણ થઈ,  
આંખ નથી તો વૃક્ષ કેમ લીક લાગે છે.?  
હાથ ફેરવો તો મલમલનો તાકો લાગે,  
પાંદડાઓ વૃક્ષના કોમળ ચીક લાગે છે.  
માણસો સાથે એમને ખાસ મળવા ન દો,  
વૃક્ષોને તો માણસોની બહુ બીક લાગે છે  
ભરત વૈષ્ણવ  
૨.૨.૨૦૨૩.#કાવ્ય

# તમારી વિશે અનાપશનાપ બખાળો કરનારને ભ્રકુટિવિલાસ કરી તેનું કામ તમામ કરી નાંખો પ્રભો!!!

અમને પાકી શંકા હતી. કંઈક તો ગરબડ છે. બિલકુલ ઢમ ઢોલ માંહે પોલ જેવું . વાઘને કોણ કહે કે તારું મોંઢું ગંધાય છે. તું સારા માયલી ટુથપેસ્ટથી બ્રશ કર. ઉલિયાથી ઉલ ઉતાર. ગંગાજળથી કોગળા કર. માઉથ વોશનો ઉપયોગ કર. માઉથ ફ્રેશનર મોંઢામા રાખ. પરંતુ, વાઘ માને તો ને?? બિલાડીના ગળે ઉંદરડા ઘંટી બાંધી શકતા નથી. વરસોથી ચણચણાટ થતો હતો.કોઇ નક્કર બાબત મળતી નથી. આજ હોય ત્યાં ધૂમાડો હોય. સિઝરની પત્ની શંકાથી પર હોવી જોઇએ. શંકા ભૂત અને મંછા ડાકણ . અમે શંકા કરીએ તો તે પણ ન કરવા દો. પાણી પહેલાં પાળ બાંધો. તમે તો ભગવદ ગીતામાં કહી દીધું કે શંકા કરનાર આત્માનો વિનાશ થાય છે. સંશયાત્મા વિનિશ્યનતે! લો કર લો બાત. તમે મોં ખોલીને જસોદામાને બ્રહ્માંડની દર્શન કરાવ્યાનો દાવો કરો. અમે મોં પણ ખોલી ન શકીએ. જો મોં ખોલીએ તો તમને બગાસા દર્શન થાય!! એની માનેપ!

અમને ખબર હતી કે આગણીસ એકયાશીનો તફાવત હશે . અપિતું, ઓગણીસ એકયાશીનો ફરક હશે તેની કલ્પના ન હતી . અને માની લીધેલ કે દાળ કાળી છે પણ તપેલું પણ કાળું હશે તેની કલ્પનાન ન હતી. આપની બ્રહ્માંડ પ્રતિમા ચકનાચુર થઇ ગઇ. સ્વયં ભગવાન માટી પગા!! અસંભવ પણ અમારા કેટલાક લોકો એવરેસ્ટ ખોદીને સાવજ શોધી લાવ્યા છે!!!

અમને ખબર છે કે આપ સ્વયં સૂર્ય સમાન દૈદિપ્યિમાન છો. તમારા પર ધૂળ ઉડાડીએ તો અમારા જ વસ્ત્રો મલિન થાય!! છતાં કાનાફૂસી થાય છે, ટીકા થાય છે એટલે અમારે લખવું પડે છે. પ્રભો કોઇ વિધર્મી આડું અવળું બોલે તો એમની જીભ કાપી નાંખીએ. તમે ભલે કોઇને બળજબરીથી તમારી જયજયકાર કરવાની ફરજ પાડી નથી. તમારી શોભાયાત્રામાં તીર કામઠા સિવાય અસ્ત્ર શસ્ત્રનું પ્રદર્શન કર્યું નથી. અમે તો શોભાયાત્રામાં તલવાર,ભાલાનું પ્રદર્શન કરે છે. વિધર્મીને ગાળો ભાંડે છે . વિધર્મીની ધાર્મિક સ્થળે ઉન્માદ ભરેલો બકવાસ કરે છે. કોઇને અન્ય ધર્મના અનુયાયીઓને પરાણે તમારું નામ બોલવાની ફરજ પાડે છે. સનાતન ધર્મ આ પ્રકારની ફરજ પાડતો નથી.

દેવી દેવતાનું ચલચિત્ર, કથાઓમાં પેઉન્ટીંગમાં અશ્લીલ ચિત્ર કરવું પગલંછણીયા પર ભગવાનના ચિત્રો મુકવા જેવી હરકત વિદેશોમાં થઇ રહી છે'સ

આપણા સધાર્મિક લોકો તળિયા વગરના લોટા છે. આખી દુનિયા તમને ભગવાન તરીકે પ્રસ્થાપિત કરી ચુકી છે. પણ આ અદાર્શનિકો તમને માટીના માણસ માને છે. એટલે એ ચંબુઓ તમારા દેવી અસ્તિત્વ પર પ્રહાર કરવાની કોશિશ કરે છે. બિહારના શિક્ષણ ખાતાના અગૂઠાછાપ શિક્ષણમંત્રી ડો.ચંદ્રશેખરે ( નફરત અને ઘૃણા ફેલાવવામાં પીએચડી કરેલ હશે!!). રામચરિત માનસ દલિતો-પછાત અને મહિલાઓને સમાજમાં અભ્યાસ કરતા અટકાવે છે. તેમને તેમના હક મેળવવાથી અટકાવે છે. પટનામાં નાલંદા ઓપન યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધતા બિહારના શિક્ષણ મંત્રી ચંદ્રશેખરે રામચરિત માનસ ને નફરતનું પુસ્તક ગણાવ્યું છે. રામચરિત માનસ ને સમાજમાં ભાગલા પાડનાર પુસ્તક ગણાવ્યું હતું.પાગલ કૂતરું કરડ્યું હોય તેમ અનાપસનાપ બકવાસ કરનાર ચંદ્રશેખરના સમાચારની શાહી સુકાઈ નથી ત્યાં જેમના નામમાં સ્વામી જેવો ભારેખમ અને આધ્યાત્મિક શબ્દ વિહિત છે તેવા અને પક્ષપલટામાં પીએચડી તેવા સ્વામી પ્રસાદ મૌર્યે પણ વટાણા વેર્યા ચોકમાં જેવો બખડજંતર ત્રિતાલ આલાપ્યો.સ્વામીપ્રસાદ મૌર્યે વિવાદિત નિવેદન આપી મામલો વધુ ગરમ કર્યો છે.રામચરિતમાનસમાં દલિતો અને મહિલાઓનું અપમાન કરવામાં આવ્યું છે. તુલસીદાસે ગ્રંથને પોતાની ખુશી માટે લખ્યું હતું. કરોડો લોકો તેને વાંચતા નથી. ' આ ગ્રંથને બકવાસ કહેતાં તેમણે સરકારને આ ગ્રંથ પર પ્રતિબંધ મૂકવાનું સૂચન આપ્યું હતું. મૌર્યના મતે બ્રાહ્મણ ભલે દુરાચારી, અભણ હોય પરંતુ તે એક બ્રાહ્મણ છે. તેને પૂજનીય કહેવાયું છે. પરંતુ શૂદ્ર કેટલોય જ્ઞાની હોય તેનું સન્માન ન કરો. મૌર્યએ પ્રશ્ન ઊઠાવ્યો કે શું આ જ ધર્મ છે? જે ધર્મ આપણું સત્યાનાશ ઈચ્છે છે . ધર્મનાં ઠેકેદારો જ ધર્મ વેંચી રહ્યાં છે. ધીરેન્દ્ર શાસ્ત્રી ઢોંગ ફેલાવી રહ્યાં છે. તેવા લોકોની સામે કાર્યવાહી કરવી જોઈએ.'

આટલું અધૂરું હોય ત્યાં કે. એસ. ભગવાન નામના કન્નડ લેખકે બળતામાં ઘી હોમ્યું . કન્નડ લેખક અને નિવૃત્ત પ્રોફેસર કે.એસ.ભગવાને ભગવાન શ્રી રામ પર વાંધાજનક ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું કે ભગવાન રામ બપોરે સીતા સાથે બેસીને રાત્રે એકલા દારૂ પીતા હતા. તેમણે પોતાની પત્ની સીતાને વનમાં મોકલી દીધી અને તેમને તેમની કોઈ પરવા ન હતી. તેઓએ ઝાડ નીચે તપસ્યા કરી રહેલા શૂદ્ર શંભુકનું માથું કાપી નાખ્યું. તે આદર્શ કેવી રીતે હોઈ શકે? રામ રાજ્ય બનાવવાની વાત થઈ રહી છે.વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડનું વાચન દર્શાવે છે કે રામ આદર્શ નહોતા. તેમણે ૧૧ હજાર વર્ષ સુધી શાસન નથી કર્યું, પરંતુ માત્ર ૧૧ વર્ષ સુધી શાસન કર્યું હતું એવો દાવો કરેલો છે.

આ બકવાસભૂષણો કયા કારણસર બકવાસ કરતા હશે એ તેમનો રાવણ જાણે.( ભગવાન રામ વિરૂધ્ધ બખાળો કરે તો રામ કયાંથી જાણે??) એમ તો અયોધ્યાનો ધોબી પણ ભગવા રામ માટે ભદ્દી ટીકા કરી ચૂક્યો હતો. પ્રભુ આપ પણ ઓછા નથી. વાલીએ અનુજ સુગ્રીવ પર અત્યાચાર કર્યા એ તેમનો અંગત મામલો હતો. તમે વાલીને પક્ષ રજૂ કરવાની તક આપી નહીં તેની પાસે મદદનો હાથ લંબાવ્યો નહી. વાલીને કપટથી માર્યો એ બરાબર ન કહેવાય!! એ જ રીતે પિતાના સદૈવ આજ્ઞાંકિત ગણાતા હતા.જયારે ખુદ દશરથ રાજાએ સંદેશાવાહકને જંગલમા દોડાવી રામને પરત લાવવા આદેશ આપ્યો . ભગવાન રામ ટસના મસ ન થયા. એટલે જ તુલસીદાસ બાબાએ પિતા બચન નહીં માનત હો જેવી ચોપાઇ લખી હતી!!

પ્રભો આપની સામે થૂંક ઉડાડવાની ધૃષ્ટતા થઇ રહી છે. એ સ્થિતિમાંથી ભગવાન કૃષ્ણ પણ પસાર થયેલા હતા. તેના સમકાલીનો તેને પરમ શકિતશાળી પરમાત્મા સ્વીકારવાના બદલે ગોવાળિયો, ભરવાડ માનતા હતા. તેના કઝીન શિશુપાળે ભગવાનને ભાંડ્યા હતા. શિશુપાળની માતાને ભગવાને નવાણુ ગાળ સહન કરવાનું વચન આપેલ. જયારે શિશુપાળે ગાળની સંખ્યા ડબલ ફિગરને બદલે ટ્રિપલ ફિગર ક્રોસ કરી કે ભગવાને સુદર્શન ચક્રથી શિશુપાળનું મસ્તિક ધડથી અલગ કરેલ. આપણા કાયદામાં નવાણુ ગુનેગાર છટકી જાય,પરંતુ એક નિર્દોષને દંડ ન મળવો જોઇએ સિધ્ધાંતની પાછળ શિશુપાળનો નવાણુ ગાળ સુધી મળેલ અભયવચન કેન્દ્ર સ્થાને હશે તેવું રાજુ રદીનું પૂર્વાનુમાન છે!!!

સદબુધ્ધિનો સ્ટોક કેટલો હશે તેની અમને ખબર નથી. જેટલો પણ સદબુધ્ધિનો સ્ટોક હોય એટલો સ્ટોક રામ વિરોધીને આપો. જેથી તમારા વિશે વધુ બખાળો કરતા થનગન ભૂષણોને અંકુશમાં કરી શકાય !! નહીંતર પૃષ્ઠ ભાગે લાત મારી શકાય!!

ભગવાન આવા કંટકોને ચાખડી નીચે કચડી નાખવામાં ભલાઇ છે. આવા પાગલ વિકૃતોને આપના પ્રચંડ સામર્થ્યની કયાં ખબર છે)? પ્રભો એકાદ ભ્રકુટિ વિલાસ કરી પાગલોનું કામ તમામ કરવા અનુરોધ છે. જેથી બીજા પાગલો બકવાસ કરી ન શકે!! બીજું તો શું કહીએ? જેસી ક્રિશન પ્રભો!!!

ભરત વૈષ્ણવ  
૨.૨.૨૦૨૩.

## 'ગૌતમ અદાણીને રાષ્ટ્રમિત્ર જાહેર કરો.."
## 'હિડનબર્ગ એજન્સીને વિશ્વદ્રોહી જાહેર કરો.."

*"અદાણી કંપનીઓ ઉપર આવેલી આર્થિક મુશ્કેલીઓને" રાષ્ટ્રીય આપદા"ની કેટેગરીમાં મુકો.."*

*"દરેક ભારતીય નાગરીકો પાસેથી ફરજિયાતપણે લાખ બે લાખ ઉધરાવીને પૂનઃ અદાણીને બીજા નંબરે પૂનઃસ્થાપિત કરો.. "*

*ગોધરાકાંડ ઉપર આવી જુઠ્ઠી અને વાહિયાત ડોક્યુમેન્ટરી બનાવનારા બ્રિટનના ધોળિયા વિલાયતની જગ્યાએ જો ગુજરાતમાં હોત, અને અમેરિકાવાસી હિડનબર્ગવાંળો જો ભારતમાં હોતતો આપણી એજન્સી કયારનીય પહોંચી વળી હોત.. પણ અહીં આપણા હિન્દુ સંગઠનો અને સનાતની ધર્મવાળા કેવળ શાપ આપીને સમસમીને બેઠા છે.. જો જો તમે.. આ અમેરિકાવાળાને તો કીડા પડશે.. અને ડોક્યુમેન્ટરી બનાવનારને આખાને આખા ડાયસોનોર પડશે.. જોજો.. (મારા ખુદની આંતરડી કકળી છે..)*

*હજી કલાક પહેલા જ પોહ પોહ આહૂંડે રડીને લખવા માટે માંડ હિંમત કેળવી છે.. અદાણી ગમે તેવો તોય આપણો ગુજરાતી.. આપણા સાહેબનો સુદામો..*

*દ્વારિકાથી રાજી થઈને પાછો વળતો ધનિક સુદામો જો લૂંટાયો હોત, તો દ્વારિકાવાળા કાંઈ જોઈ રહેત ખરા?*

*આપણી પાસે જે થોડા ઘણાં બંદરો સિલકમાં જે તેને તાત્કાલિક "અદાણી પોર્ટ" ને આપી દેવામાં આવે....જો જૂના એરપોર્ટ ન આપી શકાય તેમ હોય તો, નવા એરપોર્ટ તાત્કાલિક ધોરણે બનાવીને પણ તાકીદના ધોરણે અદાણીને આપી દેવામાં આવે.. જરુર ના હોય તો દરેક વાહનચાલકો ૧૦૦૦ રૂપિયે લિટર સીએનજી ભરાવે.(અદાણી સીએનજીમાં થી જ પુરાવે) . ભારતની પ્રજાએ જ્યાં વાપરવું હોય, પણ ભારતીય રૈયત કેવળ અદાણીનું ફોર્ચ્યૂન તેલ વાપરે.. મકાન ન બનાવવુ હોય તો પણ દેશની પ્રજા ફરજિયાત ૧૦૦ થેલી બ્લેકના ભાવે અંબુજા સિમેન્ટ ખરીદી રાખે... અદાણીની નવી કંપનીના શેરમા દરેક નાગરિક ફરજિયાત રોકાણ કરે..*

*હું પણ જોવું છું.. કે સાહેબનો સુદામો પાછો કેવો પોતાના સ્થાને નથી આવતો..*

*એક તો બીબીસીની ડોક્યુમેન્ટરી.. પાછી નવ રાજ્યોની ચૂંટણી.. પાછુ રાહુલ ગાંધીનો કાશ્મીરના લાલચોકમાં ઝંડો ફરકાવવો.. ચીન, પાકિસ્તાન, નેપાળનું ટેન્શન, પાછી ૪૨૦ નવી જવાબદારી.. સાહેબને કેટલાં ટેન્શન... એમાં પાછો હિંડમ રાક્ષસ જેવો હિડનબર્ગ રિપોર્ટ...*

*સનાતની ભારતીય રૈયત જાણી લે. આ દેશના તમામ સંશાધન ઉપર પહેલો હકક, કેવળ અને કેવળ અદાણીનો છે.. આ દેશ આપણો છે.. સાહેબ આપણાં છે.. અને અદાણી સાહેબના છે.. એનો મતલબ આ દેશ અદાણીનો છે.. ૨૦૨૪મા સાહેબને પૂનઃ પ્રધાનમંત્રી બનાવીને અદાણી દેશ છોડે કે દુનિયા છોડે.. એક સરેરાશ ભારતીય તરીકે અમને કોઈ ફરક નથી પડતો.. સાહેબ સલામત તો અદાણી બહોત...*

*પણ આ આપણો મહાન દેશ ૨૦૨૪ સુધી ભંયકર મુસીબતનો સામનો કરી રહયો છે.. આપણા મહાન ધર્મ અને આપણા મહાન દેશ વિરુદ્ધ રાષ્ટ્રીય અને આંતરર્રાષ્ટ્રીય ષડયંત્ર થઈ રહયા છે... રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા પણ આવા જ કોઈ ષડયંત્રનો ભાગ છે... દેશ આ બધુ સમજી ચુકયો છે.. દેશ આવી સંકટની ઘડીમાં રાષ્ટ્રમિત્ર અદાણીની સાથે છે.. ગમે તે ભોગે પણ ગૌતમ અદાણીને ફરી વિશ્વના ધનિક વ્યક્તિની યાદીમાં પૂનઃસ્થાપિત કરવો જ રાષ્ટ્નું પ્રથમ અને અગ્ર પગલું હોવુ જોઈએ.. ભારતમાતાની જય..*

*ડો. સ્વપ્નિલ કેશવલાલ મહેતા*

આજના સમય પ્રમાણે વધતી જતી હૃદયની બીમારીઓ એ ખૂબ જ ગંભીર બાબત બનતી જાય છે .આ વિષય પર મેડિકલ સાયન્સ ની નવી સંશોધનો હરરોજ થતા રહે છે .જેથી માનવીય અભિગમ સાથે આપણે સમાજ સેવા કરી શકીએ એ જ પ્રકારે આપના નવયુવાન અને ટેકનિકલ નિષ્ણાત એવા પ્રોફેસર ડો. વિજયકુમાર ગઢવી અને પ્રોફેસર ડો.દુષ્યંતસિંહ બી રાઠોડ દ્વારા હૃદય રોગના હુમલા પહેલા કેવી રીતે આપણે એને જાણી શકીએ અને એને દર્દીને બચાવી શકીએ એ માટે બિગ ડેટા એનાલિટિક્સ અને ડીપ લર્નિંગ નો ઉપયોગ કરી ભારત સરકારના ઓફિસ ઓફ ધ કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ડિઝાઈન એન્ડ ટ્રેડ માર્ક્સ ,ઉદ્યોગ પોલિસી અને પ્રમોશન વિભાગ ભારત સરકાર દ્વારા પેટન્ટ કરવામાં આવી છે .જેની માન્યતા મંત્રાલય દ્વારા હમણાં જ પ્રાપ્ત થઈ છે .જે આપણા સૌના માટે ગર્વની બાબત છે.હાલ માં આ બંને નવયુવાન પ્રોફેસર ગુજરાત રાજ્ય ની નામાંકિત ઈજનેરી સંસ્થા માં સેવા આપી રહ્યા છે .



ભારત જયારે વિશ્વ ગુરુ બનવા જઈ રહ્યો હોય અને વિશ્વ એક કુટુંબની ભાવના સાથે આ પ્રકારના સંશોધનો ની ખૂબ તાતી જરૂરિયાત રહેલ છે .આ સંશોધન થકી આપણા નવયુવાન ટેકનોલોજીથી સંલગ્ન વર્ગને ખૂબ જ મોટી પ્રેરણા મળી રહેશે અને આ વિષય પર આગળ સમાજસેવા ના ભાવથી આવા સંશોધનો કરવાની પ્રેરણા મળી રહેશે.

આ પહેલા પ્રોફેસર વિજયકુમાર ગઢવી દ્વારા ફાઈવ જી ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિષય પર વિશેષ સંશોધન થકી પેટન્ટ રજીસ્ટર કરાવવામાં આવેલ છે .તેમજ એમને અત્યાર સુધી ૧૨ થી વધુ સંશોધન પત્રો ઈન્ટરનેશનલ લેવલે પ્રકાશિત કરેલ છે જે આપણા સૌના માટે એક ગર્વની બાબત છે. આ સાથે પ્રોફેસર ગઢવી એ સાયબર સિક્યુરિટીમાં પણ સંશોધન થકી વિશેષ યોગદાન આપી રહેલ છે.

# સોનાનો વાયદો રૂ.૫૭૭ના ઉછાળા સાથે રૂ.૫૮,૮૨૬ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યો

### ચાંદીનો વાયદો રૂ.૨,૦૪૧ ઊછળ્યોઃ ક્રૂડ તેલમાં રૂ.૧૫ની વૃદ્ધિઃ નેચરલ ગેસ નરમઃ મેન્થા તેલમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯,૮૦૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૮,૩૮૪ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૪ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૫,૪૭૪ સોદાઓમાં કુલ રૂ.૧૮,૨૨૬.૧૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૮૦૮.૦૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮,૩૮૪.૩ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૭,૫૪૫ સોદાઓમાં કુલ રૂ.૭,૨૫૩.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૮,૮૨૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૮૨૬ અને નીચામાં રૂ.૫૮,૪૦૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭૭ વધી રૂ.૫૮,૫૨૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૦૩ વધી રૂ.૪૬,૬૭૪ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮૩ વધી રૂ.૫,૭૩૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૨૯૯ના ભાવે ખૂલી, રૂ.૯૨૯ વધી રૂ.૫૮,૫૨૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૭૦,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૯૩૨ અને નીચામાં રૂ.૭૦,૦૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૪૧ વધી રૂ.૭૧,૮૮૨ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૯૦૮ વધી રૂ.૭૧,૬૩૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૦૪ વધી રૂ.૭૧,૬૧૭ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૦૨૯ સોદાઓમાં રૂ.૧,૩૬૭.૧૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૫૫ ઘટી રૂ.૨૨૪.૩૫ અને જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૦.૭૫ વધી રૂ.૨૯૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩.૮૫ વધી રૂ.૭૮૪.૪૫ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ ઘટી રૂ.૧૮૬ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૫,૭૮૪ સોદાઓમાં કુલ રૂ.૧,૧૮૧.૫૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૩૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૩૩૭ અને નીચામાં રૂ.૬,૨૬૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૫ વધી રૂ.૬,૨૯૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩૦ ઘટી રૂ.૨૦૯.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૫૮ સોદાઓમાં રૂ.૬.૨૨ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૨૦ વધી રૂ.૧૦૨૫.૮૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૮૫૪.૮૭ કરોડનાં ૪,૮૭૧.૨૬૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૪,૩૯૮.૨૨ કરોડનાં ૬૧૪.૬૮૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૫૨૩.૬૬ કરોડનાં ૮,૨૯,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૬૫૮ કરોડનાં ૩૧૩૫૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬.૨૨ કરોડનાં ૬૦.૪૮ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૫,૫૭૧.૨૪૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૬૭.૮૫૬ ટન, ક્રૂડ તેલમાં ૭૬૫૦૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૬૪૫૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૩૨.૭૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૮૧ કરોડનાં ૪૧૯ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૬,૦૦૦ના સ્તરે ખૂલી, ૨૮૯ પોઈન્ટ વધી ૧૬,૧૮૫ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૩૮૪.૩૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૩૮.૬૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧૨.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૬૮૩.૧૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૫૦.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૦૫.૪૩ કરોડનું થયું હતું. સૌથી વધુસક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૦.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૭.૫૦ અને નીચામાં રૂ.૧૯૦.૭૦ રહી, અંતે રૂ.૪.૯૦ ઘટી રૂ.૨૦૧.૭૦ થયો હતો.

જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭ ખૂલી, ઊપરમાં રૂ.૧૮.૮૫ અને નીચામાં રૂ.૧૫.૧૫ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૧૭.૭૫ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૨૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૪૨૫.૫૦ અને નીચામાં રૂ.૧,૨૦૦ રહી, અંતે રૂ.૪૭૭.૫૦ વધી રૂ.૧,૩૯૭.૫૦ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG(૨૫)૨૦૨૩



NOG SS N0 : 0059.
વિષયઃ શબ્દ- પાસા
પ્રકારઃ હાઈકુ. (સાત).
શીર્ષક ★તમાશા પાસાના★!
શબ્દોઃ ૧૧૯.
©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

ફેંક્યા ★પાસા★
ટેક્ષના ★નિર્મળાએ★
થયું પંચંર !
રણ મેદાને,
★પાસા★ નવા શસ્ત્રો ના
જીત તો ખરી.
પરિક્ષા આવી
વાંચન પર પાસા
ગેરંટી પાસ.
જીત તમારી,
પ્યારે' ★પાસો★ પ્રેમનો
હોય વર્તને.
સફળ લગ્ન !
ફેંકે ★પાસા★ બન્ને જો,
સરળતાના.
વિકાસ યૂગ
લાવવો છે સરળ
જો ★પાસો★ શ્રધ્ધા.
ગૂંજે છે નારો
સમસ્ત વિશ્રવપટે
★પાસૉ★ મોદીનો.
©જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★
NOG SS No : 0092
પ્રકારઃ- પદ્ય
વિષય :- જીવનના પાસાં
શિર્ષક :- બાજી તારા હાથમાં પ્રભુ!
જીવનની ચોપાટ માંડી બેઠો,
કુશળ ખેલંદો પોતાને સમજે.
ઉપરવાળો પાસાં ફેંકે,
ચાલ માનવી પોતાની સમજે.
હૈયે હિંમત ધારણ કરી,
ખેલે એ પોતાના જોમે.
સપનાં, અભિલાષા ને આશાઓ,
ચાલ પાછળ સઘળું હોમે.
કર્મની ગતિ તેજ હોય તો,
પાસાં સઘળાં સવળા પડે.
ભાગ્યની દેવી ચરણ ચૂમે ને,
માટીમાંથીય સોનું જડે.
આવે જો અહંકાર ને કરે કર્મ ખોટા તો,
કિરતાર પાસાં અવળા પાડે.
ચાલ ગમે તેટલી સારી હોય તોય,
ફરી વાત શૂન્ય પર પહોંચાડે.
મળે વિજય હાથવેંતમાં કયારેક તો,
મોંએ આવેલ કોળિયો ક્યારેક ઝુંટવાવે.
ઉપર બેઠેલો એ જાદુગર,
કઠપૂતળી સમ સહુને નાચ નચાવે.
'હું કરું છું' નો ભાર લઈને,
માનવી વ્યર્થ ભરમાયે.
પાસાં સહું ઉલટ -પુલટ કરી,
ઉપરવાળો ઔકાત દેખાડતો જાયે.
પરિવારના પાસાં સીધા પડે તો,
કદી સ્વાસ્થ્યના પાસાં ઉલટાવે.
નોકરીના પાસાં સીધા પડે તો,
બાળકોના સુખના પાસાં ઉલટાવે.
તન- મન જો સ્વસ્થ આપ્યું હોય તો,
ધનથી વંચિત એ કરી જાયે.
બધાં પાસાં સવળા પાડે તો,
એ કિરતાર ક્યાંથી કહેવાયે?
આજે ઉલટી છે ચાલ, કાલે સીધી થશે,
એ ભરોસે માનવી ખેલતો જાયે.
ઉલટી -સીધી ચાલના વહેણમાં,
જીવન એક દિન પૂરું થઇ જાયે.
અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર.
૦૨/૦૨/૨૩.

## સ્વાતંત્ર્ય પછી ઇતિહાસ સાચો જ ભણાવાયો છે

આપણે જે રાજપૂત અને અન્ય પ્રદેશોના રાજાઓની, તેઓની વીરતા વગેરેની વાતો અવારનવાર કરીયે છીએ તે તે નામોનો ઉલ્લેખ કરીયે અને એના વિષે જે કંઈ આજે લખાયું છે તે સર્વેનો માહિતી સ્ત્રોત તો કોંગ્રેસ કાળમાં, તેનાં પહેલાં, લખાયેલા પુસ્તકો જ છે. તે જ આજની ઐતિહાસિક ઉપલબ્ધ માહિતીનો સ્ત્રોત છે, તેને આધારે જ ઈતિહાસની માહિતી એકત્ર કરીને આપણે બોલીએ છીએ લખીએ છીએ.

તેથી ઈતિહાસ આપણે જાણતાં નથી કે ખોટો ભણાવ્યો છે એમ કઈ રીતે કહી શકાય.

ભારતની હજારો લાયબ્રેરીઓમાં લાખો પુસ્તકો વેદ ઉપનિષદ ગીતા રામાયણ મહાભારત હજારો વરસનો ઈતિહાસ ત્યારનાં રાજાઓ ત્યારની પ્રજાની સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક પ્રવૃતિઓ બધું જ કોંગ્રેસ કાળમાં છપાયેલું અને સર્વને ઉપલબ્ધ હતું, છે અને રહેશે. અત્યારે આ કશું નવું લખાયું નથી .

આ બધું ઈતિહાસના એક પીરીઅડમાં ચાર પાંચ પાનાઓમાં ન સમાય, અને ઉત્તરોત્તર તમે ઉચ્ચ શિક્ષણ મેળવતા જાવ તેમ તેમ ઊંડાણપૂર્વક અભ્યાસ થાય. ઓછું ભણ્યા હોઈએ તો પણ આ બધાં નામોથી આપણે પરિચિત તો છીએ, કારણકે તેનો ઉલ્લેખ તેમાં આવે જ છે.

જ્યારે તમે B.A. fu M. A. કે phd ઈતિહાસના વિષય સાથે કરો ત્યારે આ બધું ડિટેલ્સમાં ભણવામાં, ભણાવામાં આવે જ છે.

એટલે ઈતિહાસ ખોટો ભણાવ્યો છે એ સદંતર ખોટી વાત છે.

અને આજે પણ અનુસ્નાતક કે ડૉક્ટરેટના ઈતિહાસ સાથેના ઈતિહાસના વિષયમાં કરવા માટે, જે પુસ્તકો જે માહિતી સ્ત્રોતની જરૂર પડે છે, તે માટે કોંગ્રેસ કાળમાં તેની આઝાદીની ચળવળ સમયે અને તે પહેલાં લખાયેલાં પુસ્તકો જે કૉંગ્રેસ કાળમાં સચવાયા અને તેનું જતન થયું, તેનો જ ઉપીયોગ કરીને શીખવામાં શીખવવામાં અને લખવામાં આવે છે. ફોરવર્ડ કરનારા પણ વિગતો તો કોંગ્રેસકાળમાં ઉપલબ્ધ ઈતિહાસની કે અન્ય સામગ્રીના આધારે જ કરે છે, લખે છે, પછી ઈતિહાસ ખોટો ભણાવ્યો છે એવા ખોટા બુમબરાડા પાડીને યુવા પેઢીને, આવનારી પેઢીને ગુમરાહ શા માટે કરવામાં આવે છે.

મ્ર્દ્ર શાસનના છેલ્લા ૧૭ વરસ (આઠ બાજપાઈનના અને નવ વરસ હાલના) તેમજ ૨૮ વરસ ગુજરાતના શાસનમાં એક પણ ઈતિહાસનું નવું પુસ્તક લખાયું નથી ને જે તે દરમિયાન પુસ્તકો પ્રગટ થયા છે તે જુના પુસ્તકોની નવી આવૃત્તિઓ કે તેના પર આધારિત માહિતીની મદદથી જ લખાયા છે.

પ્રજાને મૂર્ખ બનાવવા અને ગુમરાહ કરવાનું આ અત્યંત હીણુ અભિયાન છે.

પ્રજાને અભ્યાસ કરવા માટે પહેલાં અને આજે પણ બધું અવેલેબલ જ હતું અને છે.

આ લખનાર હું અને મારાં જેવાં હજારો લોકો કૉંગ્રેસ કાળથી જ આ બધાં ઐતિહાસિક ધરોહરથી સારી રીતે અને આપશ્રીઓ પણ પરિચિત છો જ.

સંસ્કૃત અને ભારતની અન્ય ભાષાઓમાં લખાયેલાં પુસ્તકો જેનું પ્રકાશન અને જતન કોંગ્રેસ સત્તા સમયમાં થયું તે જ પુસ્તકોનું અધ્યયન કરી આપ સૌ વિદ્વાન થયાં છે એ ન ભૂલીએ.

પ્રજાને સાચું જ્ઞાન આપીએ, સંસ્કારોની માવજત જૂઠને આધારે ન થાય.

૧૯૯૦ પહેલાં જન્મ લેનાર પેઢી જે સત્ય જાણે છે છતાં ખોટા વહાણમાં ચઢી બેસે ત્યારે નવાઈ સાથે હતાશા વ્યાપે છે.

શું આ સંસ્કાર ઘડતર છે? ખોટા પાયા પર ઊભેલો સમાજનું સર્જન કરવું છે?

આ પ્રશ્નો આપણે આપણી જાતને પૂછવા પડશે.

છેલ્લા પચીસ વરસમાં મહત્તમ રાજ્યોમાં અને કેન્દ્રમાં કૉંગ્રેસનું શાસન ન કહેવા બરાબર છે ત્યારે યુવા પેઢી જે રીતે ડ્રગને રવાડે ચઢી છે અને બદીઓનો શિકાર બની છે અને નૈતિક મૂલ્યોનું પતન થઈ રહ્યું છે તો તેને માટે કોણ જવાબદાર છે? કારણ આજ નો ૨૭ વરસના યુવાને તો ક્યારેય કોંગ્રેસ શાસન ગુજરાત કે બહુધા ભારતીય રાજ્યોમાં જોયું જ નથી. તો અત્યારે નૈતિક સામાજિક આર્થિક અધઃપતન જે રીતે થઈ રહ્યું છે તેને માટે આજના શાસક પક્ષ અને અન્ય પ્રાદેશિક પક્ષો પ્રત્યે કેમ આંગળી ચીંધાતી નથી. આપણે પક્ષ અને જાતપાત, કોમમાંથી બહાર આવી સત્ય, અહિંસાના રાહ પર, સ્વતંત્રતા સમાનતા અને બંધુત્વના માર્ગ પર પ્રયાણ કરીએ.

આ મહાત્મા ગાંધીને સાચી અંજલિ તેમની પુણ્ય તિથિ એ હશે.

ભરત સાંગાણી

## કર્ણાટક હાઈકોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢીઃ- સરકારી શાળાના બાળકોને બે જોડી યુનિફોર્મ પણ નથી મળી રહ્યા, શરમ કરો

બેંગ્લોર,તા.૨

કર્ણાટક હાઈકોર્ટે સરકારી શાળાઓમાં બાળકોને યુનિફોર્મ ન આપવા બદલ રાજ્ય સરકારને ફટકાર લગાવી છે. હાઈકોર્ટે કહ્યું કે સરકારને આ માટે શરમ આવવી જોઈએ. ખરેખરમાં, કર્ણાટક હાઈકોર્ટમાં જસ્ટિસ બી વીરપ્પા અને કેએસ હેમલેખાની બેંચે ૨૦૧૯માં આ અંગે આદેશ આપ્યો હતો. સરકારે આ આદેશનું પાલન કર્યું ન હતું, જેના કારણે એક અરજદારે કોર્ટમાં અરજી કરી હતી.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ, ૨૦૦૯ હેઠળ વિદ્યાર્થીઓને બે જોડી યુનિફોર્મ આપવા જોઈએ. પરંતુ કર્ણાટકની ઘણી સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ, પગરખાં અને મોજાં આપવામાં આવતા નથી.

જસ્ટિસ વીરપ્પાએ કહ્યું, ×આવી ભૂલ સરકાર માટે શરમજનક બાબત છે. બાળકોના શિક્ષણ સાથે રમત કરવી એ કોર્ટ સાથે રમવા કરવા સમાન છે. બિનજરૂરી વસ્તુઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે શિક્ષણ એ મૂળભૂત અધિકાર છે, છતાં આવી દુર્દશા. અમે આ બાબતોને સહન નહીં કરીએ. શું આ રાજ્ય સરકાર માટે શરમજનક નથી? આ તદ્દન દુર્ભાગ્યપૂર્ણ છે.

રાજ્ય સરકારે એફિડેવિટ દાખલ કરીને જણાવ્યું હતું કે શાળાઓના આચાર્યો અને મુખ્ય શિક્ષકોને ગણવેશ, મોજાં અને શૂઝની ખરીદી માટે રકમ મોકલવામાં આવી હતી. તેના પર કોર્ટે કહ્યું કે માત્ર ભગવાન જ જાણે છે કે આ રકમ લાભાર્થીઓ સુધી પહોંચી છે કે નહીં.

ખંડપીઠે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યની આંખો ખોલવાનો અને ૬ થી ૧૪ વર્ષની વયજૂથના સરકારી શાળાના વિદ્યાર્થીઓને શાળા ગણવેશ પૂરો પાડવાની તેની મૂળભૂત ફરજને તાત્કાલિક અમલમાં મૂકવાનો સમય આવી ગયો છે.કર્ણાટકની ઘણી સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ, પગરખાં અને મોજાં આપવામાં આવતા નથી.

ખાનગી શાળાઓમાં ભણવાનું પરવડે તેવા વિદ્યાર્થીઓની સરખામણીએ સરકારી શાળાના વિદ્યાર્થીઓ સાથે દેખીતી સાવકી-માતાના વર્તન અંગે પણ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. જસ્ટિસ વીરપ્પાએ કહ્યું કે જો સત્તામાં બેઠેલા લોકોમાં માનવતા નથી તો તે મોટી સમસ્યા છે. તેમનામાં માનવતા હોવી જોઈએ. તેમના બાળકો ક્યારેય સરકારી શાળામાં ભણવા જતા નથી. બાળકો પ્રત્યે આ પ્રકારનું સાવકી માતાનું વલણ અમે સહન નહીં કરીએ. સરકારે વિગતવાર એફિડેવિટ દાખલ કરવા માટે કોર્ટ પાસે સમય માંગ્યો હતો, આ બાબતે મંજૂરી આપતાં કોર્ટે કહ્યું કે રાજ્યને વધુ સમય આપવામાં આવ્યો છે, જેથી જવાબદાર અધિકારી સામે આરોપો ઘડી શકાય.

## ફેબ્રુઆરી મહિનામાં ઉત્તર અને પશ્ચિમ ભારતમાં અમુક સ્થળોએ સામાન્ય વરસાદની સંભાવના

નવીદિલ્હી,તા.૨

રાજધાની દિલ્લીમાં ઠંડા પવનોના કારણે મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૧ ડિગ્રી સેલ્સિયસ ઓછુ નોંધવામાં આવ્યુ હતુ. દિલ્લીમાં મહત્તમ પારો ૨૧.૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજધાનીમાં ઠંડા પવનો ફૂંકાતા રહેશે. જો કે ધૂમ્મસથી રાહતના અણસાર છે. હવામાન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ આકાશ મુખ્યત્વે સાફ રહેવાનુ અનુમાન છે. જ્યારે લઘુત્તમ અને

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ફેબ્રુઆરીમાં સામાન્ય વરસાદ થવાની સંભાવના છે. વળી, કોલ્ડવેવની પણ સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. આઈએમડીના મહાનિર્દેશક એમ. મહાપાત્રાએ કહ્યુ કે પૂર્વોત્તર અને તેની પાસેના પૂર્વ ભાગને છોડીને દેશના મોટાભાગના હિસ્સાઓમાં લઘુત્તમ તાપમાન સામાન્યથી લઈને તેનાથી નીચે રહેવાની સંભાવના છે. ફેબ્રુઆરી દરમિયાન દ્વીપકલ્પીય ભારતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્યથી નીચે રહેવાની સંભાવના છે.

જમ્મુ કાશ્મીરમાં ઘાટીમાં હાલમાં થયેલી હિમવર્ષાને પગલે ચાર જિલ્લાઓમાં મધ્યમ સ્તરના હિમસ્ખલનની ચેતવણી જાહેર કરી છે. હવામાન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ આગલા ૨૪ કલાકમાં બારામૂલા, ગાંદેરબલ, કૂપવાડા, બાંદીપોરામાં ૨૪૦૦ મીટરની ઉંચાઈથી ઉપર મધ્યમ સ્તરનુ હિમસ્ખલ થવાની સંભાવના છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હિમસ્ખલનની સંભાવના છે. પંજાબ અને હરિયાણામાં કડકડતી ઠંડી સાથે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધવામાં આવ્યો. અમુક ભાગોમાં ધૂમ્મસ છવાયેલુ રહ્યુ. હવામાન વિભાગના જણાવ્યા મુજબ પંજાબના ફિરોઝપુરમાં લઘુત્તમ તાપમાન ૪.૪ ડિગ્રી, અમૃતસરમાં ૫.૩ ડિગ્રી, પઠાનકોટમાં ૬.૪ ડિગ્રી નોંધવામાં આવ્યુ. વળી, હરિયાણામાં પણ ભીષણ ઠંડી પડી રહી છે. હરિયાણાના સિરસામાં લઘુત્તમ તાપમાન ૫.૪ ડિગ્રી, કરનાલમાં ૭.૨ ડિગ્રી, હિસારમાં ૭.૯ ડિગ્રી નોંધવામાં આવ્યુ. માઉન્ટ આબૂમાં પારો શૂન્યથી નીચે ઉત્તરમાં હિમવર્ષા અને ઠંડા પવનોના કારણે રાજસ્થાનમાં ઠાર પડી રહ્યો છે.

## ૪ ફેબ્રુઆરી, "વિશ્વ કેન્સર દિવસ"

### 'કેન્સર' એટલે 'કેન્સલ' નહીં.
### શાકાહાર, સ્વસ્થ જીવનનો આધાર




વિશ્વભરમાં "વિશ્વ કેન્સર દિવસ" (World Cancer Day) દર વર્ષે ૪ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. કેન્સરને અટકાવવા અને તેના વિશે જાગૃતિ લાવવાનાં ઉદ્દેશ્યથી વર્ષ ૧૯૩૩માં "વિશ્વ કેન્સર દિવસ"ની ઉજવણી શરૂ થઈ હતી. સૌપ્રથમ "વિશ્વ કેન્સર દિવસ" વર્ષ ૧૯૩૩માં યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (યુઆઈસીસી) દ્વારા સ્વિટ્ઝર્લેન્ડનાં જિનીવા ખાતે ઉજવવામાં આવ્યો હતો.

કેન્સર એ રોગોનાં જૂથનું એક સામાન્ય નામ છે, જેમાં શરીરનાં અંદરના કેટલાક કોષો અમુક કારણોસર અનિયંત્રિત બનીને વધે છે. સારવાર ન થવાથી તે આસપાસની સામાન્ય પેશીઓમાં અથવા શરીરનાં અન્ય ભાગોમાં ફેલાય છે અને તે ગંભીર બીમારી, અપંગતા અને મૃત્યુનું કારણ બની શકે છે. ભારતમાં સૌથી વધારે કેન્સરનાં કેસો પંજાબમાં જોવા મળે છે જેના કારણે ત્યાં 'કેન્સર ટ્રેન' પણ ચલાવવામાં આવે છે. આ પાછળનું કારણે જમીન અને પાણીનું સતત થતું પ્રદુષણ છે. આ ઉપરાંત તમાકુમાં મળી આવતું નિકોટીન, જંક ફૂડમાં રહેલા પ્રિઝર્વેટિવ્સ, જંતુનાશકો અને અન્ય હાનિકારક ઘટકો, આર્સેનિક, બેન્ઝિન, એસ્બેસ્ટોસ અને જેવા પર્યાવરણીય ઝેરી પદાર્થો, માંસાહાર જેવા પદાર્થો કેન્સરનાં જોખમો વધારે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી ! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે, નીરોગી રહેવા માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે.

નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. કેન્સરને મટાડવા માટે 'પંચગવ્ય ચિકિત્સા'ને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. ગાયનાં ગૌમૂત્રનાં ઉપયોગથી કેન્સર મટ્યાનાં ઘણા દાખલા છે. ભારતનાં પ્રાચીન ઈતિહાસ પર નજર કરીએ તો ઋષિમુનીઓ પણ શાકાહાર કરવાની તેમજ શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદને અનુસરવા જણાવ્યું છે. 'આયુર્વેદ' ભારતની સંસ્કૃતિ છે. કોરોના મહામારીના જે કાળ માંથી વિશ્વ જે રીતે પસાર થઈ રહ્યું છે ત્યારે સમગ્ર વિશ્વએ આયુર્વેદનો સ્વીકાર કર્યો છે. ચરક ઋષિનું 'ચરક સંહિતા' અને સુશ્રુત ઋષિનું 'સુશ્રુત સંહિતા' ભારતનાં આયુર્વેદિક વારસાનાં મહત્વનાં ઉદાહરણો છે.

કેન્સર એ ચેપી રોગ નથી માટે તેનાથી ગભરાવવું ન જોઈએ. સ્વસ્થ જીવનશૈલીને અનુસરવાથી આવા હાનિકારક રોગોથી બચી શકાય છે.

'કેન્સર' એટલે 'કેન્સલ' નહીં.

- મિત્તલ ખેતાણી

## બજેટને લઈ પિતા પુત્ર આમને-સામને, પુત્રએ કહ્યું સારૂ તો પિતાએ કહ્યું અસંવેદનશીલ બજેટ

નવીદિલ્હી,તા.૨

કોંગ્રેસ નેતા પી ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ મોદી સરકારની કર મુક્તિ યોજના પર આમને સામને આવ્યા છે. કાર્તિ ખુશ હતો, તો પિતા પી ચિદમ્બરમ બજેટથી નાખુશ દેખાતા હતા. કોંગ્રેસના લોકસભા સાંસદ કાર્તિ ચિદમ્બરમે કહ્યુ કે ટેક્સમાં કોઈપણ રાહત પાર્ટી લાવે તો તે સારી જ છે.

કોંગ્રેસના સાંસદ કાર્તિ ચિદમ્બરમે કહ્યું કે, બજેટનો મોટો હિસ્સો રાષ્ટ્રપતિના સંબોધન અને આર્થિક સર્વે રિપોર્ટનું પુનરાવર્તન છે. ટેક્સમાં કોઈપણ પ્રકારનો ઘટાડો આવકાર્ય છે. તેમણે કહ્યુ કે લોકોના હાથમાં પૈસા મુકવા એ અર્થવ્યવસ્થાને વેગ આપવાનો શ્રેષ્ઠ માર્ગ છે. બીજી તરફ સાંજે ૫ વાગે મીડિયાને સંબોધતા કાર્તિના પિતા પી. ચિદમ્બરમે આ બજેટ પર મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું.

કાર્તિના પિતા અને પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમે બજેટને અસંવેદનશીલ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ બજેટે મોટાભાગના લોકોની અપેક્ષાઓને ઠેસ પહોંચાડી છે. તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ દર્શાવે છે કે આ સરકાર લોકોની ચિંતાઓ અને તેમના જીવન અને આજીવિકાથી કેટલી દૂર છે. પી ચિદમ્બરમે કહ્યું કે બજેટે મોટાભાગના લોકોની અપેક્ષાઓ સાથે દગો કર્યો છે.

ચિદમ્બરમે દાવો કર્યો કે, નાણામંત્રીએ તેમના બજેટ ભાષણમાં ક્યાંય પણ બેરોજગારી, ગરીબી અને અસમાનતા જેવા શબ્દોનો ઉલ્લેખ કર્યો નથી. તેમણે કહ્યું કે સારૂ છે તેમને બે વાર ગરીબ શબ્દનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, મને ખાતરી છે કે ભારતના લોકો એ વાતનું ધ્યાન રાખશે કે સરકાર કોની ચિંતા કરે છે અને કોની ચિંતા કરતી નથી.તેમણે દાવો કર્યો કે, નવી ટેક્સ સિસ્ટમ અપનાવનારા લોકો સિવાય અન્ય લોકો માટે ટેક્સમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. પરોક્ષ વેરામાં કોઈ ઘટાડો કર્યો નથી. વધારાના જીએસટી (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ)ના દરોમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. પેટ્રોલ, ડીઝલ, સિમેન્ટ, ખાતરના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી.

## ભાજપે મેઘાલયની તમામ ૬૦ બેઠકો માટે અને નાગાલેન્ડની ૨૦ બેઠકો માટે ઉમેદવાર જાહેર કર્યા

નવીદિલ્હી,તા.૨

મેઘાલયમાં આ મહિને વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને તમામ પક્ષોએ તૈયારીઓ તેજ કરી દીધી છે. આ દરમિયાન ભાજપે વિધાનસભા ચૂંટણી માટે તેના તમામ ૬૦ ઉમેદવારોની યાદી પણ જાહેર કરી દીધી છે. આ સાથે જ પાર્ટીએ નાગાલેન્ડ વિધાનસભા ચૂંટણી માટે ૨૦ ઉમેદવારોનું એલાન કરી દીધુ છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ તેમ્જેન ઈમના અલંગ અલંગટાકી વિધાનસભા મતવિસ્તારથી ચૂંટણી લડશે. બીજેપી પ્રવક્તા નલિન કોહલીએ જણાવ્યું કે, અમે નાગાલેન્ડમાં ૬૦માંથી ૨૦ સીટો પર ચૂંટણી લડીશું. બાકીની બેઠકો અમારા ગઠબંધન સહયોગી દ્દઢ્ઢને આપવામાં આવી છે. અમે મેઘાલયની તમામ ૬૦ બેઠકો પર ચૂંટણી લડીશું. અમારી ટેગલાઈન છે 'એમ પાવર મેઘાલય' એટલે કે મોદીએ મેઘાલયને તાકાત આપી છે. ત્યાં ડબલ એન્જિન સરકાર રચાશે. બીજેપી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને પીએમ મોદી અને અમિત શાહને મળ્યા બાદ તમામ ઉમેદવારોના નામ પર મહોર લગાવવામાં આવી છે.

ચૂંટણી પંચે ગત ૧૮મી જાન્યુઆરીએ ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી હતી.

NEWS OF GANDHINAGAR_P-3

# આજરોજ અંબાપુર પ્રાથમિક શાળાનો ૧૧૨ મો સ્થાપના દિવસ તેમજ વાર્ષિકોત્સવનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સાહેબે હાજરી આપી હતી. માન. મેયરશ્રીએ શાળા સાથે જોડાયેલ તમામ લોકોને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે અંબાપુર શાળા વિદ્યાર્થીઓનો સર્વાંગી અને સંપૂર્ણ વિકાસ કરીને શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે તે ખૂબ પ્રશંસનીય કાર્ય છે.



આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, શાળાના પ્રિન્સિપાલશ્રી, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે આધ્યાત્મિક શક્તિ જોડાય છે, ત્યારેવિકાસના નવાપરિણામોસર્જાયછેઃ મુખ્યમંત્રી

ગાંધીનગરઃ ગુરૂવારઃ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓની ગુજરાત તીર્થયાત્રાના સહભાગી સંન્યાસીએ સાથે ગાંધીનગરના અડાલજ ત્રિ-મંદિર ખાતે સીધો સંવાદ કરતા જણાવ્યું હતું કે, ધર્મનું અનુશાસન વિજ્ઞાન અને ટેકનોલોજીના દુરૂપયોગને અટકાવે છે. તેમણે જણાવ્યું હતું કે, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે આધ્યત્મિક સહિત જોડાય છે. ત્યારે વિકાસના નવા પરિણામો સર્જાય છે.



રામકૃષ્ણ મિશન-રાજકોટ દ્વારા દેશ અને વિદેશના ૧૨૫ સંન્યાસીઓની ગુજરાત તીથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ તીર્થયાત્રા આજે ગાંધીનગરના અડાલજ ખાતેના ત્રિમંદિર પહોંચી હતી. આ સંન્યાસીઓ સાથે સંવાદ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના કર્મઠ નેતૃત્વમાં દેશ વિકાસની નવી ઉંચાઇ હાંસલ કરી રહ્યો છે. પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન તળે લોકોની સેવા કરવાનો અવસર મળ્યો છે, ત્યારે રાજય સરકાર સમાજના અંતિમ વ્યક્તિ સુધી કલ્યાણ યોજનાના સુફળ પહોંચે તે માટે અવિરત પુરૂષાર્થ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, જયારે વ્યક્તિ પોતાના કર્તવ્યપથથી ભટકે છે. ત્યારે ધર્મ જ સાચી દિશાનું દર્શાવી કરાવે છે.

આ અવસરે ઉપસ્થિત રહેલાં રાજયના આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઇ ડિંડોરે સંતગણને ગુજરાતની ધરતી પર આવકાર્યા હતા. જયારે અગ્રણી શ્રી રત્નાકરજીએ સંતશક્તિનો જોડવાથી દેશ સામેના પડકારોનો સામનો કરવાની નૂતન ઉર્જા મળે છે. આ પ્રસંગે રામકૃષ્ણ આશ્રમ રાજકોટના નિખિલેશ્વરાનંદજીએ શ્રી રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓની ગુજરાત તીર્થયાત્રા સંદર્ભે માહિતી આપતાં જણાવ્યું હતું કે, યાત્રામાં ૨૦ રાજયો તેમજ બાંગ્લાદેશ તથા નેપાળથી આવેલા ૧૨૫ સંન્યાસીઓ જોડાયા છે. અને સ્વામી વિવેકાનંદે ગુજરાતમાં જે સ્થળોની મુલાકાત લીધી તે સ્થળોની આ તીર્થયાત્રા દરમિયાન સંન્યાસીઓ મુલાકાત લેશે. તેમણે ગુજરાતમાં આવેલાં વિવેકાનંદ મેમોરીયલને અધતન બનાવવા અંગેની માહિતી રામકૃષ્ણ મિશન અમદાવાદના સ્વામી પ્રભુસેવાનંદજીએ મહાનુભાવોને સત્કાર્યા હતા.

## ખરા અર્થમાં ગ્રીન એનર્જી અને ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ગ્રીન ઇકોનોમીને પ્રોત્સાહિત કરતાં બજેટ માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને વિત્ત મંત્રીશ્રી ચીત નિર્મલા સીતારામન ને અભિનંદન પાઠવતા ડો.વલ્લભભાઈ કથીરિયા

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ શ્રી ડો. વલ્લભભાઈ કથીરિયાએ ભારત સરકારના ૨૦૨૩- ૨૪ ના બજેટને ક્રાંતિકારી, દીર્ઘ દ્રષ્ટિ યુક્ત અને ભારત વર્ષના અમૃતકાળ દરમ્યાન વિશ્વની આર્થિક મહાસત્તા બનાવવાના પ્રયાસરુપ ગણાવી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ અને નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને અભિનંદન પાઠવ્યા છે.



આ બજેટ સ્જીસ્ઈ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી Make In India Concept ને સાકાર કરવાની સાથે વિશ્વના અનેક દેશોમાં ઈર્ટે માર્કેટ વધારી ભારતને સમૃદ્ધિ કરવાની દિશાનું સુયોગ્ય માળખું તૈયાર કરવામાં અતિ મદદરૂપ થશે. કૃષિ અને પશુપાલન તેમજ ઓર્ગેનિક ફાર્મિંગ, ગૌ સંવર્ધન યોજના દ્વારા બાયો સી.એન.જી અને હાઇડ્રોજન પાવર દ્વારા બજેટ ફાળવી કૃષિ ઉત્પાદન, માર્કેટ અને પર્યાવરણ રક્ષા તેમજ લોકોની આરોગ્ય રક્ષામાં મોટું યોગદાન આપશે.

આરોગ્ય ક્ષેત્રે મેડિકલ ટુરીઝમ, નવી મેડિકલ કોલેજો, સંલગ્ન નર્સિંગ કોલેજો અને હોસ્પિટલો તેમજ એઈમ્સ, જિલ્લા હોસ્પિટલો અને ગ્રામ્ય સ્તરે 'વેલનેસ સેન્ટર'ની શૃંખલા દ્વારા લોકોને શ્રેષ્ઠ તબીબી સુવિધાઓ મળી રહે તે માટે આરોગ્ય બજેટમાં અનેક ગણો વધારો કરાયો છે.

PM આવાસ યોજના દ્વારા ગરીબોને ઘરનું ઘર, મહિલા ઉત્કર્ષ, નારી સશક્તિને પ્રોત્સાહન, સિનિયર સિટીઝન તેમજ નોકરીયાત વર્ગની સુવિધાઓ માટે બજેટ ફાળવવા માટે પ્રધાનમંત્રી અભિનંદન ને પાત્ર છે.

દેશના સર્વાગીણ વિકાસને ધ્યાને રાખી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રેલ્વે, રોડ, ખેતી, ઉદ્યોગ, પ્રવાસન તેમજ ગરીબ, આદિવાસી આમ સર્વ સ્પર્શી, સર્વ ક્ષેત્રીય અને સર્વ સમાવેશક બજેટ દ્વારા ભારત વર્ષને ૨૧મી સદીના સુખી, સંપન્ન, સુવિધા યુક્ત સ્વસ્થ, સુરક્ષિત, સ્વાભિમાની, શિક્ષિત, સ્વદેશી, સમરસ, સાંસ્કૃતિક અને સંસ્કારી સમાજની દિશામાં મહત્વના કદમ તરીકે આ બજેટને ડો. કથીરિયાએ સહર્ષ આવકાર્યું છે.

## જાણીતાં એડવોકેટ ડો. અશ્વિન ત્રિવેદીની ભારત સરકાર દ્વારા નોટરી તરીકે નિયુક્તી



જાણીતાં એડવોકેટ ડૉ. અશ્વિન વાસુદેવ ત્રિવેદી છેલ્લાં ૨૭ વર્ષ ઉપરાંતથી ગુજરાતમાં વકીલાત ક્ષેત્રે આગવી નામના મેળવેલ છે. સામાજીક સંસ્થાકીય સેવામાં પોતાનું સેવાકીય પ્રવૃત્તિઓ મા યોગદાન આવનાર ડૉ અશ્વિન ત્રિવેદીને ભારત સરકારના લીગલ અને જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દિલ્હી દ્વારા ગાંધીનગર જીલ્લાનાં નોટરી તરીકે પસંદ કરેલ છે. જે બદલ વકીલ આલમ તથા સામાજીક સંસ્થાના અગ્રણીઓએ શુભેચ્છા સહ અભિનંદન પાઠવેલ છે.

ડૉ. અશ્વિન ત્રિવેદીએ જણાવ્યું છે કે, ગરીબ, વિધવા, ત્યક્તા તથા વૃધ્ધો માટે રાહતદરે લીગલ તથા નોટરી સેવા આપવામાં આવશે.

## રાજયમા મહાનગરોમાં મીટ શોપની ૪૩૦૦ દુકાનોનો સર્વે કરવામાં આવ્યો

અમદાવાદ,તા.૨

રાજયના પ્રત્યેક નાગરિકને આરોગ્યપ્રદ ભોજન મળી રહે તે માટે સરકાર કટિબધ્ધ છે. જાન્યુઆરી મહિનામાં DLSA (ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી) દ્વારા રાજયમાં નગરપાલિકા - મહાનગરપાલિકા વિસ્તારની ૪૩૦૦ થી વધુ મીટની દુકાનોનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાંથી લાયસન્સ વગર અને બિનઆરોગ્યપ્રદ મીટ વહેંચતી ૩૨૦૦ થી વધુ દુકાનો ધ્યાને આવતા દુકાનદારો વિરૂધ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ સર્વે દરમિયાન અત્યાર સુધીમાં લાયસન્સ વગરની જણાઈ આવેલી ૧૨૪૭ દુકાનોને સીલ કરવામાં આવી છે.

## શ્રીઅરવિંદ ઘોષના જીવન કવન પર આધારિત વક્તૃત્વ, નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓમા ંજિલ્લા કક્ષાએ ભાગ લેવા માટે અરજી મંગાવવામા ંઆવે છે

ગાંધીનગર, ગુરૂવાર

ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે ૨૦૨૨-૨૩માં શ્રી અરવિંદઘોષની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે શ્રી અરવિંદ ઘોષના જીવન કવન પર આધારિત વકૃત્વ, નિબંધ અને ચિત્રસ્પર્ધાનું જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા બે વિભાગમાં યોજાશે. જેમાં વિભાગ "અ" ૧૫ વર્ષથી ઉપરના અને ૧૯ વર્ષ સુધીના તેમજ વિભાગ "બ"૧૯વર્ષઉપરના અને૩૫વર્ષ સુધીના ભાગલઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ રજીસ્ટ્રેશન ફોર્મ ગાંધીનગર જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, સી વિંગ, છઠ્ઠો માળ ,સહયોગ સંકુલ સેક્ટર-૧૧ગાંધીનગર ખાતેથી મેળવી, પરત તારીખ ૦૮/૦૨/૨૦૨૩ સુધી મોકલવાનું રહેશે. તેમજ રાજયકક્ષાની ત્રણેય સ્પર્ધામાં વિજેતા થયેલપ્રથમ ૧૦ સ્પર્ધકોને વિનામૂલ્યે પોંડીચેરી ખાતેના શ્રી અરવિંદો આશ્રમની મુલાકાતે સરકારશ્રીના ખર્ચે લઈ જવામાં આવશે. વધુવિગતો માટે કચેરીનો સંપર્ક કરવાનો રહેશે તેમ ગાંધીનગર જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી તેજલબેન ચૌહાણ દ્વારા જણાવાયું છે.



**કિશોરીને સેનેટરી પેડનું વિતરણ કોમ્યુનિટી હોલ- ભાટ ગામ ખાતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, કાઉન્સિલરશ્રી માણેકજી ઠાકોર, મહામંત્રીશ્રી ગૌરાંગભાઈ પટેલ, મહાનગરપાલિકાની આરોગ્ય ટીમ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.**

# બેટી બચાઓ-બેટી પઢાઓ અભિયાન અંતર્ગત બદલતા કચ્છની કહાણી લખતી દિકરીઓ

**માલધારી સમાજની બે ગ્રામીણ દિકરીઓએ આર્ચરી પર સફળ**
**હાથ અજમાવી નેશનલ સુધી સાધ્યું તીર**
**ઓલિમ્પિક અને કોમન વેલ્થ સુધી પહોંચવાની જિજ્ઞા રબારી અને ચેતના રબારીની તમન્ના**
**જિજ્ઞાની ધગશ અને રાષ્ટ્રીય સિધ્ધી જોઇને માલધારી પિતાએ એક લાખની કિંમતની આર્ચરી કીટ લઇ આપી**

ભુજ,ગુરૂવારઃ

દિકરીને જો ઉડવા માટે ખુલ્લું આકાશ તથા સહયોગ આપવામાં આવે તો તે દરેકક્ષેત્રમાં પોતાના નામની પતાકા લહેરાવી શકે છે. આવી જ કૃષિ અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા માલધારી એવા રબારી સમાજની બે દિકરીઓએ પરંપરા અને રૂઢીવાદની દિવાલો તોડીને આર્ચરી જેવી ઓછી પ્રચલિત પરંતુ મહેનત માંગી લેતી રમતમાં સફળ તીર સાધીને છેક નેશનલ કક્ષા સુધી પોતાનું નામ દર્જ કરાવ્યું છે. અને ભવિષ્યમાં કપરી મહેનતના બળે કોમનવેલ્થ અને ઓલિમ્પિક સુધી જવાની પ્રબળ ઈચ્છા ધરાવે છે.



અહીં વાત કરવી છે અંજાર તાલુકાના અજાપરની જિજ્ઞા રબારીની અને નવાગામની ચેતના રબારીની જેણે નાનપણ ગાયો-ભેંસો વચ્ચે વિતાવીને પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યું. નાનપણથી રમત-ગમતમાં ખુબ જ હોંશિયાર હોવાથી માધાપર ખાતે સરકાર દ્વારા કાર્યરત ડિસ્ટ્રીકટ કક્ષાની સ્પોર્ટસ સ્કુલમાં એડમિશન પ્રાપ્ત થયું. જે બાદ આ બંને દિકરીઓને ઉડવા માટે ખુલ્લું ફલક અને મોકળું મેદાન મળી ગયું. બંને દિકરીઓની કાબેલિયતને ઓળખીને આર્ચરીમાં તાલીમ આપવામાં આવતા આજે ૧૪ વર્ષની જિજ્ઞા અને ૧૩ વર્ષની ચેતના નાનકડા ગામથી લઈને સમગ્ર ગુજરાતનું નામ દેશમાં રોશન કરી રહી છે. તાજેતરમાં કોફી વીથ કલેકટર કાર્યક્રમમાં બંને દિકરીનું ખાસ જિલ્લા સમાંહતાએ ખાસ સન્માન કરીને પ્રોત્સાહિત કરી હતી.

જિજ્ઞા રબારી જણાવે છે કે, માતા - પિતા પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. પરંતુ ભણતર અને રમત-ગમત ક્ષેત્રે મારી રૂચિ જોઈને આ ક્ષેત્રે આગળ વધવા મને ખુબ જ સહયોગ આપે છે. મોટાભાગે દિકરીઓને રમત-ગમતમાં કારકિર્દી બનાવવામાં સમાજ તથા વાલીઓની માનસિકતા નડતરરૂપ બનતી હોય છે. પરંતુ મારા પિતા નિરક્ષર હોવાછતાં પણ મારી પડખે ઉભા છે. મારી આર્ચરી ગેમમાં ધગશ અને નેશનલ સુધીની રમત જોઈને રૂપિયા એકલાખની કિંમતની આર્ચરી લઈ આપી છે.

રીકવર આર્ચરીમાં હથોટી ધરાવતી જિજ્ઞા આર્ચરી ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા આંધ્રપ્રદેશ-વિજયવાડામાં આયોજીત રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ગુજરાત રાજયને રી-પ્રેઝન્ટ કરીને કવોલીફાઈડ કર્યું હતું. તો ધો.૮માં અભ્યાસ કરતી ચેતના રબારી કમ્પાઉનડ આર્ચરી કેટેગરીમાં નેશનલ ગેમ રમીને કવોલીફાઈડ થઈ હતી. આ બંને દિકરીઓ આજે કચ્છ અને ગુજરાતનું ગૌરવ બનીને ઉભરી રહી છે અને આર્ચરીમાં આગળ વધી રહી છે. જે દર્શાવે છે કે, દિકરીઓને માત્ર પ્રોત્સાહન આપવામાં આવે તો તે ધારે તે કરી શકે છે. જિજ્ઞા અને ચેતના જણાવે છે કે, અમારા જેવા ગ્રામ્ય વિસ્તારની દિકરીઓ જે મોટાભાગે આગળનો અભ્યાસ કરવાના સપના પણ જોઈ શકતી નથી તેવી દિકરીઓમાં રમતની આવડત પારખીને તેને સ્પોર્ટસ સ્કુલમાં તમામ પ્રકારની તાલીમ, ફુડ તથા અભ્યાસ કરાવવાની સરકારની જહેમત અમારા માટે વરદાનરૂપ છે. સરકારના બેટી બચાવો-બેટી પઢાઓ અભિયાન અંતર્ગત આ પ્રકારની અપાતી સવલતો તેમજ પ્રોત્સાહન થકી અમારી સમગ્ર જીંદગી બદલાઈ ગઈ છે અને ભવિષ્યમાં અનેક દિકરીઓને આ જ રીતે તકો મળતા તેઓ સોનેરી ભારતના સપના સાકાર કરવાના સપનામાં પોતાનું યોગદાન આપી શકશે. અમે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યકત કરીએ છીએ જે રાજય અને દેશની દિકરીઓની માવતર બનીને ચિંતા કરી રહ્યા છે.

માધાપરની ભવ્યા ડાકીએ કેવીએસ આયોજીત નેશનલ ગેમમાં પાંચકો રેક્ર મેળવ્યો

ભુજ કેન્દ્રીય વિદ્યાલય નં.૨ આર્મી સ્કુલમાં ધો.૧૦માં અભ્યાસ કરતી માધાપરની ભવ્યા દિનેશ ડાકીએ હરીયાણા ખાતે કેન્દ્રીય વિદ્યાલય સંગઠન આયોજીત રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં તાજેતરમાં સમગ્ર દેશમાં પાંચમો ક્રમ મેળવીને ગુજરાતનું નામ રોશન કર્યું હતું. ભવ્યા જણાવે છે કે, સરકારની બેટી બચાવો, બેટી બઢાઓ અભિયાન થકી આજે રમત-ગમત ક્ષેત્રે છાત્રાઓને ખુબ પ્રોત્સાહન મળી રહ્યું છે. સરકારની પ્રોત્સાહક યોજનાઓ તથા અભ્યાસમાં કરાતી મદદના કારણે જ મારા જેવી દિકરીઓ આગળ સ્થાન પ્રાપ્ત કરવા સક્ષમ બની છે. મારા માતા-પિતાના અમુલ્ય સહયોગ થકી આજે હું મોટા સપના જોઈ શકું છું. બસ મારી તમામ વાલીઓને અપીલ છે કે, તમારી દિકરીમાં જે પણ આવડત હોય તેને ઉજાગર કરવાની તક આપો. જો સરકાર દિકરીઓ માટે આટલું કરતી હોય તો માતા-પિતાએ માત્ર એક ઢાલ બનીને પોતાની વ્હાલીને જરૂર પ્રોત્સાહન આપવું જોઈએ.

જિજ્ઞા વરસાણી

## મનોદિવ્યાંગ બાળકો નીબોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ





**નવજીવન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલીત ડો હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર મેન્ટલી ડિસેબલડ ની ૩૦ વર્ષ ની પૂર્ણાહુતિ નિમિતે આજરોજ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ સંસ્થા ના વિદ્યાર્થીઓ માટે થલતેજ ના એકલવ્ય સ્પોર્ટ્સ સંકુલ માં ૧૦ થી૩ માં યોજાયેલ જેમાં સંસ્થા ના મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ની ૪ ટીમ બનાવી ને એમના વચ્ચે મેચો રમાઈહતી.વિજેતા થનાર ટીમ નાં વિદ્યાર્થીઓ ને ટ્રોફી આપવા માંઆવી હતી. શુભેચ્છક સ્વ. શ્રી હસુમતીબેન જયેન્દ્ર ભાઈ ઝવેરી તરફ થી આ ટુર્નામેન્ટ રાખેલ હતી.જેમાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ ને ખુબ જ મઝા આવી હતી.**

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બીબીએ,બી.કોમ પેપરલીક કાંડમાં ૧૧૧ દિવસ બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ

રાજકોટ,તા.૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બીએ, બીકોમના પેપર ફૂટવાને મામલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એચ.એન.શુકલ કોલેજના કર્મી સામે ફરિયાદ નોંધાઈ છે.

કોલેજના કર્મી જીગર ભટ્ટ સામે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અમિત પારેખે ફરિયાદ નોંધાવી છે.

જયારે ગત ઓક્ટોબર ૨૦૨૨માં મહિનામાં પેપર ફૂટ્યા હતા.

ઓક્ટોબરમાં પેપર ફૂટ્યા બાદ હજુ સુધી ફરિયાદ નોંધાઈ નહોતી. આખરે પેપર ફૂટવા મુદ્દે ફરિયાદ નોંધાઈ છે.

અત્યાર સુધી ફરિયાદ નોંધાવવામાં આનાકાની કરતી યુનિવર્સિટીનું તંત્ર મીડિયાના અહેવાલો બાદ જાગ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4